
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥



## અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રશંસાની મધલાળ ને નિંદાના હળાહળ ઝેર | ૫ |
| ધન મીમાંસા બધાની ભાષા : ૩ | ૭ |
| ધન્ય છે ઘાણલાને, ધન્ય છે ઘાણલાની ડોશીને | ૯ |
| શ્રીહરિએ બક્ષેલી મૌલિક સાધના : માનસીપૂજા-૨ | ૧૩ |
| ડાહ્યું કોણ ? | ૧૬ |
| જેરામ બ્રહ્મચારીનું આખ્યાન | ૧૭ |
| અરે ભાઈ ! તમે સુખેથી જીવો અને અમને પણ જીવવા દો | ૨૦ |
| મારો દીકરો એ તમારો દીકરો છે | ૨૧ |
| મા.....તે.....મા | ૨૩ |
| સત્સંગ સમાચાર-દેશ | ૨૫ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૩૨ |



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૨ કુલ અંક-૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૬ અંક-૪ મે-૨૦૧૬
સળંગ અંક-૩૬૩

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી

**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેકસ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે

વિદ્યાલયની પરીક્ષાઓ પૂર્ણ થતાં વિદ્યાર્થીઓ સાથે તેમના વાલીઓએ પણ નિરાંત અનુભવી હશે અને વેકેશન હોવાથી વિસામો ખાતા હશે ! પછી પરિણામોની ઉત્સુકતા સાથે ઉચાટની અનુભૂતિ ! સંતાનોને પરીક્ષાની તૈયારી કરાવનાર વાલીઓએ ક્યારેય પોતાના જીવનની પરીક્ષા વિષે વિચાર્યું છે ખરું ? કે પછી સુખની શોધમાં સંઘર્ષ જ કર્યા કરે છે ? ભૌતિક સુખની ભૂલભૂલામણીમાં ભટકનારાઓને શાંતિની અનુભૂતિ થાય છે ખરી ? સુખ હોય ત્યાં શાંતિ હોય જ તેવું નથી, પરંતુ જ્યાં શાંતિ હોય ત્યાં સુખ અવશ્ય હોય છે. સાચું સુખ શુભત્વમાં છે, જે માણસના હાલના કર્મો પર આધારિત છે. માણસે કર્મો એવા કરવા જોઈએ કે વાતાવરણમાં શુભત્વની સુગંધ પ્રસરી જાય.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે 'વ્યક્તિ કર્મ કર્યા વગર રહી શકે નહીં, પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે વ્યક્તિ સ્થૂળ કર્મ કે સૂક્ષ્મ કર્મ અવિરત કર્યા કરે છે.' કર્મને પરિભાષાના બંધન નથી, કર્મને વ્યાખ્યાના બંધનમાં બાંધી શકાય નહીં. સાચા અર્થમાં જોઈએ તો નિષ્કામ કર્મ કરતા રહેવું એ જ જીવન છે. શ્રીકૃષ્ણે ફળની અપેક્ષા વગર કર્મ કરવાની વાત કહી છે, જેવા કર્મો હશે તેવા ફળની પ્રાપ્તિ થશે એ વાત નિશ્ચિત છે અને સૌ એ વાત સાથે સહમત પણ છે. તેમ છતાં કર્મની પસંદગીનો નિર્ણય લેવામાં થાપ ખાઈ જાય છે !

જીવનના પ્રત્યેક તબક્કામાં કર્મની પસંદગી સાવધાનીપૂર્વક કરવી જોઈએ. આપણું ભવિષ્ય આપણે લીધેલા નિર્ણયો અને કર્મની પસંદગીનું જ પરિણામ હોય છે. નિર્ણયો લેવામાં અને કર્મની પસંદગીમાં ભાવ, અભાવ અને પ્રભાવ આ ત્રણ બાબતો મુખ્ય ભૂમિકા ભજવે છે. આ ત્રણેય બાબતો માનવ મનમાં અને વિચારોમાં જન્મે છે અને કર્મો દ્વારા પ્રતિબિંબિત થાય છે. ભાવપૂર્વક જ્યારે સકારાત્મક વિચારો સાથે કોઈનું ભલું કે સારું થાય તેવા સદ્‌કર્મો કરીએ કે તેવું વિચારીએ તો ઉજ્જવળ ભવિષ્યની અને શાંતિની સંભાવનાઓ વધી જાય છે. જો નકારાત્મક ભાવ જાગૃત થાય તો તેની સાથે છળ, કપટ, ઈર્ષ્યા, અદેખાઈ, અન્યનું અહિત અનિતિ, અનાચાર વગેરે સાથે જ હોય છે, જેનાં પરિણામો પણ અનિચ્છનીય માઠાં હોય છે અને અશાંતિ અને ઉદ્વેગ સાથે સંતાપનો સામનો કરવો પડે તેવા દુષ્કર્મો કરવા તરફ પ્રેરી જાય છે. કોઈના પ્રભાવમાં આવીને કરેલા કર્મો અન્યના નિર્ણયોથી પ્રેરિત અને તેમના કર્મોની અસરથી થતા કર્મો હોઈ તે મુજબના ફળની પ્રાપ્તિ થાય છે.

મનુષ્ય જન્મથી મૃત્યુ પર્યંત કર્મ કરે છે, મનુષ્ય દ્વારા જે કાંઈ પણ ક્રિયા થાય છે તે કર્મ જ છે, પછી તે ક્રિયા શારીરિક હોય કે માનસિક હોય ! અર્થાત્ આપણે તન દ્વારા જે ક્રિયા કરીએ તે ઉપરાંત મનમાં ઉદ્‌ભવતા સારા-નરસા વિચારો પણ કર્મ જ છે ! જાગૃત અવસ્થામાં કે સુષુપ્ત અવસ્થામાં, કલ્પનામાં કે સપનામાં જે કંઈ પણ કરીએ છીએ તે કર્મ જ છે. સારું કરીએ તે સત્કર્મ છે અને બૂરું કરીએ છીએ તે દુષ્કર્મ છે. સત્કર્મ નવી ઉર્જા સાથે ઉત્સાહ અને ઉમંગ સાથે પ્રસન્નતા આપી પરમાત્મા સાથે જોડે છે અને દુષ્કર્મ ગ્લાનિ અને અપરાધભાવ સાથે મનને વિચલિત કરી ઈશ્વરની વિમુખ કરે છે.

મહાભારતના શાંતિપર્વમાં એક શ્લોકમાં જણાવ્યું છે કે 'કર્મથી વ્યક્તિ બંધાય છે અને વિદ્યાથી તેની મુક્તિ થાય છે.' મુક્તિ મળે તેવી વિદ્યાની પ્રાપ્તિ સદ્‌ગુરુ સાચા સંતો દ્વારા થાય છે. સાચા સંતો સદૈવ પરહિતકારી પથપ્રદર્શક રહ્યા છે. તેઓ આપણા અસ્તિત્વનું હાર્દ સમજાવી આંતરિક સંયમ અને આત્મ અનુશાસન સાથે સત્કાર્યો કરવાની પ્રેરણા આપી સમર્પિતભાવ સાથે નીતિપરાયણ, ધર્મપરાયણ અને પ્રભુપરાયણ બનાવે છે. જેની સીધી અસર આપણા કર્મોના ફળ પર થાય છે, સત્કર્મો પુણ્યનું ભાથું બંધાવે છે અને પીડામાંથી મુક્તિ મળે છે. શ્રીજી મહારાજે આપણા સંપ્રદાયના સાચા સંતોમાં સામર્થ્ય અને શક્તિનો એવો સંચાર કર્યો છે કે આવા સંતોના સાંનિધ્યમાં રહી, તેઓના વચને શ્રધ્ધાપૂર્વક કર્મો કરીએ તો ભવસાગર નિર્વિઘ્ને સુખરૂપ તરી જવાય !

જયશ્રી સ્વામિનારાયણ !

## શિક્ષાપત્રી શ્લોક-૨૦

# પ્રશંસાની મધલાળ ને નિંદાના હળાહળ ઝેર

- હિમ્મતભાઈ ઠક્કર (રઘુવંશી)




તેટલી જ તિરસ્કારને પાત્ર છે.
"પ્રશંસાની મધલાળ, ને
નિંદાના હળાહળ ઝેર,
પ્રશંસાને ગૂલે વડગાળે,
નિંદાથી બાપે માર્યા વેર!"

અભણ માણસોની ઉક્તિ છે કે પ્રશંસા તો ભૂત-પ્રેતને પણ વ્હાલી લાગે, ને નિંદા ? કોઈની પીઠ પાછળ કોઈ કરે તો ડિંડવાણું હાલે નહિ તો એકબીજાનાં માથાં ફોડે. આ બધી વાતો તો આમ આદમીના વ્યવહારની છે.

પણ શિક્ષાપત્રીના શ્લોક ૨૧મા માં શ્રીજી મહારાજે તેની અકાપ્ય મર્યાદા બાંધી છે. શા માટે ? ને કોના માટે ? આવો વિગતે જાણીએ.

શિક્ષાપત્રી શ્લોક :- ૨૧
દેવતાતીર્થવિપ્રાણાં સાધ્વીનાં ચ સતામપિ।
વેદાનાં ચ ન કર્તવ્યા નિન્દા શ્રવ્યા ન ચ કવચિત્ ॥

અમારા આશ્રિત હોય તેમણે દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ તેમની નિંદા ક્યારેય કરવી નહિ, સાંભળવી પણ નહિ.

શતાનંદ સ્વામી વિસ્તારથી ગૂઢાર્થ સમજાવતાં કહે છે કે, અપશબ્દો, ગાળો દેવી, મિથ્યાપવાદ આરોપણ તથા પરનિંદા આ બધા વાણીના દોષો છે. તેથી પોતાની વાણીને કાબૂમાં રાખવાની શિખામણ છે.

હિંદી ભાષાના સાહિત્ય ધુરંધર મુનશી પ્રેમચંદજી કહે છે કે, મૂર્ખતા ભરેલી નિંદા અવશ્ય ખરાબ છે, પરંતુ અતિશયોક્તિ ભરેલી પ્રશંસા પણ

ચિંતકોના મંતવ્યો છે કે પ્રશંસા માત્ર વાસ્તવિકતાના આધારે જ કરવી, દિલથી કરવી. તેમાં કોઈ ભેળસેળ ન કરવી. કટાક્ષ ન હોય ને નિંદા તો ક્યારેય પણ ન જ કરવી. વિનમ્રભાવે પણ કોઈ પોતિકો પૂછે ને જ સલાહ-સૂચન આપી શકાય ખરું. નિંદા દ્વેષભાવે કરાય તે ખોટું. કોઈની ગુણવત્તાને હલકી ન જ કરાય.

માનવીની વાણી તો મધુર, શાંત, સ્વસ્થ, સત્યથી ભરપૂર, બીજાને આનંદ ને પ્રેરણા પ્રદાન કરે

તેવી હોવી જરૂરી છે. પછી તે નિંદા નહિ પણ ટકોર સ્વરૂપે સત્યથી ભરેલી હોય કે પ્રશંસાની મીઠાશ ભરેલી હોય.

તેથી જ સંસ્કૃત ભાષાના સુભાષિતોમાં કહ્યું છે કે, સત્યંવદ પ્રિય વદ. સત્ય પણ પ્રિય લાગે તેવું બોલો.

વાણી વહન અંગે ભગવાન વેદ વ્યાસજીનું વચન પણ પ્રમાણરૂપ છે.

નિન્દા અન્ય સ્યાત્મનઃ શ્લાધા દ્વયં સુકૃતનાશકૃત।

બીજાની નિંદા અને પોતાની પ્રશંસા આ બન્ને પોતાના પુણ્યનો નાશ કરનારાં છે.

અત્રે શ્રી સહજાનંદ સ્વામી મહારાજે પોતાના સૌ આશ્રિતો તો સામાન્ય વ્યવહારથી પણ ઊંચા ઊઠીને કોઈ પણ દેવ, તીર્થ, બ્રાહ્મણ પતિવ્રતા, સાધુ અને વેદની નિંદાને બાહ્ય ગણી છે. પાપ બતાવ્યું છે.

શા માટે ? એટલા માટે કે મારા પરમ વ્હાલા હરિભક્તો કોઈ રસ્તો ચાતરી ગલીકૂંચીમાં ફસાઈ મોક્ષમાર્ગથી અવળા ન ફૂંટાઈ જાય ! આવું કોણ વિચારે ને આપણને સલાહ આપે ? માત્ર આપણા હિતેચ્છુ જ.

જુઓ કુલ દેવતા, ગ્રામ દેવતા કે શાસ્ત્ર ઘોષિત દેવતા અવશ્ય પણે મહાન શક્તિશાળી છે. તેને માથું જ નમાવાય. તીર્થ તો પવિત્ર ભૂમિ છે. જ્યાં પરમાત્મા, મહાત્માઓ ઈત્યાદિ વિચરણ કરી ગયા છે ને તેમની બેઠકો છે. બ્રાહ્મણ શાસ્ત્રજ્ઞાન અને વિદ્વતાનું પ્રતિક છે. પતિવ્રતા નારી અણીશુદ્ધ સર્જનાત્મકતા અને શુદ્ધ સમાજ તથા આજના વિજ્ઞાનની ભાષામાં ઉત્તમ કક્ષાના **DNA** એટલે કે જૈવસંવર્ધન સેલની ધાત્રી છે. ભારતીય સંસ્કૃતિમાં પતિવ્રતા ધર્મનો ઉત્તમ મહિમા ગવાયો છે. અને અત્રે વિદેશની નારી સ્વાતંત્ર્યના બહાને સ્વચ્છંદતાને કારણે વર્ણશંકર પ્રજોત્પત્તી સામે મર્યાદાની લાલબત્તી ધરે છે. શીલ, રક્ષા અને પતિવ્રતા ધર્મ મહાન તપ શાસ્ત્રોએ ગણાવ્યો છે.

તદુપરાંત ભિક્ષાં દેહી કરીને આલબેલ પોકારી સમાજોત્થાનમાં યોગદાન આપનારો સાધુ સમાજ આ બધાય વંદનીય છે. વળી, ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ અને સામવેદ ચારેય અપૌરુષેય છે તેથી જે દિવ્યતમ માર્ગદર્શન આપી જીવાત્માને પરમાત્મા થવાનો રસ્તો ચીંધનાર વેદ તો અપરંપાર માન સન્માનના હક્કદાર છે.

સત્સંગીઓ ! ક્યારેક શિખ સંપ્રદાયના ગુરુદ્વારામાં દર્શને જાવ ને ત્યાં શ્રીગ્રંથ સાહેબની થતી ભજન-ભક્તિ, અનેક પ્રકારની ફોરમથી સુગંધિત વાતાવરણ, ચમર ઢોળવાની સેવા અને સતત સૌને માટે ખુલ્લાં લંગરને જુઓ અને પછી વિચારો કે તે ધર્મના ગુરુઓની વાણીની કેટકેટલી ઈજ્જત, માન, સન્માન થાય છે. શું આપણે વેદો પ્રત્યે આવું વલણને ભક્તિ બતાવીએ છીએ ખરા ? શતાનંદ સ્વામી આ બધા જ સાથે સામાન્યમાં સામાન્ય માનવીની નિંદા પણ ત્યજવા જાગ્રત કરે છે.


## ગ્રાહક છો ? તો બીજાને બનાવો

ભુજ મંદિરનું મુખપત્ર માસિક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં દેશ-વિદેશના કચ્છ સત્સંગના સમાચારો સાથે પ્રેરણાદાયી લેખો દ્વારા સત્સંગની સેવા કરવામાં આવે છે. આપ દૂર-દૂર બેઠા હો તો પણ લવાજમ ભરી આજીવન દેશમાં ૫૦૦/- વિદેશમાં ૬૦૦૦ રૂ. ભરી આજે જ થઇ ઘેર બેઠા માસિકપત્ર મેળવો. વાંચો અને વંચાવો.

સાંપ્રત સંદેશ

# ધન મીમાંસા

# બધાની ભાષા : ૩




શા. સ્વામી દેવચરણદાસજી

ધનની ઉત્પત્તિ

૧૦૦૦ રૂા. કે ૫૦૦ રૂા. ની નોટ એ "ધન" નથી.

સોનાની લગડી ૧ કિલોની હોય, તો પણ તાકાત એ લગડીમાં નથી.

હાથમાં રહેલો ૫ લાખ રૂા. નો ચેક એક ચબરખી જ છે...

**Credit card** કે **ATM card** માત્ર કાર્ડ જ છે.

પૈસાને તાકાત બક્ષવાની અને પરમેશ્વર જેવો બનાવવાની ક્ષમતા આમાંથી એકેયમાં નથી.

ધન કે નાણાં

ન ચલણી સિક્કામાં છે...

ન સોના-ચાંદીમાં છે...

ન જવેરાત-જમીનમાં છે...

ધન ઉત્પત્તિનું મૂળ બીજે છે :

એ મૂળ છે : માનવીના મનમાં.

ધન ઉત્પન્ન થયું છે : માનવ મનની અત્યંત ગહન વૃત્તિમાંથી.

એ વૃત્તિ છે : લોભ.

પૈસા ખરચવામાં "કંજૂસાઈ" એ લોભ નથી.

પૈસા "સંગ્રહ" કરવાની વૃત્તિ એટલે લોભ નથી.

પૈસા પાછળની આંધળી "દોટ" પણ લોભ નથી.

એ જ રીતે પૈસાનો કોઈ "સ્પર્શ" ન કરે અને ધનનો "ત્યાગ" રાખે એ નિર્લોભી નથી.

પૈસા અને લોભ... આ બંને શબ્દોને લગભગ નહીવત્ સંબંધ છે.

લોભ એ મનનું વલણ છે. મનની વૃત્તિ છે. આ વલણ કયું ?

"માલિકીભાવનું-માલિક બનવાનું"

માલિકીભાવની આ પ્રબળવૃત્તિને કારણે ઉત્ક્રાંતિ દરમ્યાન માનવે એક એવા તત્ત્વની શોધ કરી, જેના દ્વારા સૌને-વ્યક્તિઓને, વસ્તુઓને, જમીનને, સત્તાને, પદને... સર્વને પોતાના ગુલામ બનાવી પગની એડી નીચે રાખી શકે. એ તત્ત્વ એટલે પૈસો.

પૈસાથી પૃથ્વી પરની ગમે તે વસ્તુ પોતાના કદમોમાં લાવી શકાય.

પરિવારના, સમાજના, શાળાના, ખરીદીના, સગપણના, રાષ્ટ્રના કે અન્ય ગમે તેવા વ્યવહારિક કામોમાં સૌથી મહત્ત્વનું નિર્ણાયક બળ બને છે : પૈસો.

બનારસી સાડીની દુકાનમાંથી સાડી લેવી કે ન લેવી તે નક્કી કરે પૈસો.

શાળામાં બાળકના ''એડમીશન'' સમયે સૌથી પહેલા જરૂપ પડે પૈસાની.

દીકરીના સગપણ વેળાએ કરોડ રૂપિયાનો સવાલ કયો પૂછાય ? ''જમાઈ કમાય છે કેટલું ?''

માંદા પડો તો હોસ્પિટલ અને સારવારની ગુણવત્તા નક્કી થાય પૈસાના આધારે.

મોબાઈલનું કયું મોડેલ ખિસ્સામાં આવશે. તેના માટે નિર્ણાયક પરિબળ બનશે : પૈસા.

હા...પૈસો...પૈસો...પૈસો...

પૃથ્વીના ૭૨૦ કરોડની ૨૪ કલાકની તમામ પ્રકારની પ્રવૃત્તિનું પ્રેરકબળ જો તપાસવવામાં આવે તો તે છે :

ધનની ધખણા, પૈસાની તલપ, નાણાંની અતૂટ ભૂખ.

હવે ખરેખર તાકાત ૧૦૦૦ રૂ.ની નોટમાં છે કે બીજે ક્યાંય છે ?

તાકાત ૧૦૦૦ રૂ.ની નોટમાં નથી !!! તે તો માત્ર કાગળ છે.

તેને અગ્નિમાં બાળો તો ચપટીમાં રાખ થઈ જાય. ફાડો તો તેના ૧૦૦ ટૂકડા થાય.

તાકાત છે : વ્યક્તિની માન્યતામાં.

જીવના-હૃદયમાં ઊંડાણમાં ધનની મહત્તાનું. યથાર્થ જ્ઞાનનું બીજ ૧૦૦૦ રૂ. ને તાકાત આપે છે.

આ જ્ઞાન ભારતની ૧૨૦ કરોડ જનતામાં સૌને એક સરખું છે.

એટલે કોઈ અભણ બિહારી રૂ. ૧૦૦૦ માટે જે માનસિક ચિત્ર ધરાવે છે, તે જ IAS થયેલો કેરાલીયન ધરાવે છે. ભાષા અંગે બેયને તકરાર હોય, પણ પૈસાનો પ્રેમ અને પાવર બેય યથાર્થ સમજે છે. મનની આ આંતરિક સમજ ૧૦૦૦ રૂ. ની નોટને તાકાત આપે છે.

લારી ખેંચનારો અભણ મજૂર અને હાર્ટ સર્જન બંનેના હૃદયના ઊંડાણમાં ૧૦૦૦ રૂ. માટે સરખી છાપ છે. તેથી બીજું બધું એકબીજાનું કદાચ એ લોકો ન સમજે, પણ ૧૦૦૦ રૂ. જોઈને બેયના મોંમા સરખું પાણી આવે.

નેપાળની ચલણી નોટ આણંદની ફ્રૂટમાર્કેટનો વેપારી ના લે. આનું કારણ પણ મનની માન્યતામાં પડેલો ફરક છે.

ભારતની ચલણી નોટોનું ચંદ્ર ઉપર કે ઉત્તરધ્રુવમાં કોઈ મુલ્ય નથી. મૂલ્ય છે,તે માનનારાની મનની માન્યતામાં.

ધનમાં બીજી વિશેષતા મનુષ્યએ મૂકી : ધનમાં વિકલ્પ મળી શકે.

ધનની સામે વિકલ્પમાં દુનિયાની ગમે તે વસ્તુને તેણે સ્વીકારી લીધી.

ધન = સમગ્ર દુનિયાના સર્વ પ્રદાર્થ, પદ, વ્યક્તિ, પ્રતિષ્ઠા.

ખિસ્સામાં માત્ર પૈસા હોય તો આખી ''દુનિયા મેરી જેબ મેં.''

ફરીથી અહીં સમજવું પડે ૧૦૦ રૂ. ની નોટ સામે ૫ કિલો તરબૂચ મળે છે, તે તરબૂચ ૧૦૦ રૂ. ને કારણે નહીં. પણ વેચનાર અને લેનાર, બંનેના મનમાં ૧૦૦ રૂ. માટે બંધાયેલી સરખી સમજણ-માન્યતાને કારણે સોદો થાય છે. આ ધનની સાર્થકતા અને તુચ્છતા અંગે શ્રીજી મહારાજનો શું અભિપ્રાય છે તે સમજીશું આવતા અંકે.

# ચરિત્ર બુંદ

# ધન્ય છે ઘાણલાને, ધન્ય છે ઘાણલાની ડોશીને

– પુ. સ્વામી પરમહંસદાસજી



નાના છેલાનું પાણી મોટા છેલામાં ભળે અને એ પાણી નદીમાં ભળે અને છેવટે એ નદી મહાસાગરમાં સમાય અને એ છેલા પાણી અમર બને. એમ અલ્પ જેવો જીવ હોય પણ જો તેને ભગવાનનો યોગ થાય તો મહા પદવીને પામે.

આવી જ કંઈક વાત છે, ઘાણલાની ડોશીની.

ભાવનગર તાબે ગોહિલવાડ પંથકનું ઘાણલા ગામ. નાનું ને રળિયામણું. ગામમાં પરોક્ષની ભક્તિ, સ્વામિનારાયણનો સત્સંગ નહીં. ચોરે કે શિવાલયે ગંજેરી-ભંગેરી બાવાઓ આવે ને ઉતરે. લોકોમાં વ્યસનો ઘર કરી ગયેલાં. ક્યાંય સંસ્કારનું નામ ન મળે. કોક કોકમાં ભક્તિ ખરી પણ ધર્મ જ્ઞાન વિનાની. સાધુ એટલે ઈશ્વરનું સ્વરૂપ. શાસ્ત્રની ગમ નહીં. સાધુની પરખ નહીં. જીવનની દિશા નહીં.

આ ગામમાં પ્રજાપતિ કણબી-ખેડુની વસ્તી. દી આખો ઢાંઢાનાં પૂછડાં આમળે, ખેતરે મજૂરી કરે ને રાત પડે વાળૂ-પાણી કરી ચોરે ચૌટે 'માત્મા' નો સત્સંગ કરે. ભાંગ-ગાંજા ને હોકા-તમાકુનું સેવન થાય. બાવાજીની વાતુમાં ભગવાન શિવજીની પ્રસાદીનો મહિમા પડઘાય. વ્યસનને ભક્તિમાં ખપાવાય. જીવનનો રાહ કોણ બદલે?

ભગવાન શ્રી સ્વામિનારાયણે પરમહંસોને ગામડે-ગામડે વિચરતા કર્યા. સંતો શુદ્ધ જીવન જીવવા સૌને આદેશ આપતા.

એકવાર ગઢડેથી સંતોનું એક મંડળ ઘાણલા પધાર્યું. તે જમાનામાં 'સ્વામિનારાયણના મુંડિયા ગામ બગાડે છે' એવી ભણક વ્યસની બાવાઓએ વહેતી કરેલી એટલે સંતોને ગામમાં કોઈએ પેસવા દીધા નહીં.

સંતોએ ગામ બહાર વડ નીચે ઉતારો કર્યો, પણ લોકોએ ત્યાંથી ય કાઢ્યા... 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' કરતા સંતોએ દેતડનો મારગ લીધો.

'લાડુ ! ગઢડે આવવું છે ?'

દેતડ ગામનાં મહિલા ભક્તો શ્રીહરિનાં દર્શને ગઢડા જઈ રહ્યાં હતાં. વડિયા પ્રજાપતિમાં જન્મેલી લાડુનું ગામ દેતડ, પણ સાસરું ઘાણલા હોઈ ત્યાં કોઈને સત્સંગ હતો નહીં. ગઢડે પ્રભુના દર્શનની વાત સાંભળી એનું હૈયું આનંદમાં હીલળવા લાગ્યું.

સંઘ નીકળ્યો. શ્રીજીના પ્રગટ ચરિત્રોનું ગાન થાય, પંથ કપાતો જાય. ત્રીજે દિવસે સંઘ ગઢડા પહોંચ્યો. શ્રીહરિનાં દર્શન કરી લાડુનાં હૈયે ટાઢક વળી ગઈ. દેતડનો સત્સંગ એટલે પૂછવું જ શું ? મહિમા ને પ્રીતિ, જ્ઞાન અને વર્તન, નિયમ અને નિશ્ચયની બે-બે પાંખોમાં પરખાતું ખમીર.

ચારેક દિવસ સંઘ રોકાયો. હરિવર માણકી ખેલવતા, ઘેલે સંચરતા, લક્ષ્મીવાડીએ મહાલતા, કથારસ રેલાવતા, સ્વરૂપની વાતો કરતા. લાડુએ એ

મૂર્તિને અંતરમાં મઢી દીધી. એ પરાવાણીના પીયૂષનું કલેવર બાંધ્યું. મહિમાવંતી એ મૂર્તિને નીરખતાં એનાં નયન તૃપ્ત થતાં ન નહીં. પાછા ફરતી વેળા હરિવરને જરા નજીકથી નીહાળ્યા ને આ દર્શન અહોનિશ અંતરમાં થયાં કરે એવી આરજૂ ગુજારી. મરક મરક હસતી એ મર્માળી મૂર્તિ લાડુની આંખોમાં સમાઈ ગઈ ! કહ્યું : 'મહારાજ ! કો'કવાર ઘાણલાની વાટે વિહરો ત્યારે મુજ રાંકનું ખોરડું પાવન કરજો.'

પ્રભુએ પાંપણ પલકારી સ્મિત વેર્યું.

બ્રહ્માંડની જેને ગણતી નથી એ રસિયા વાલમમાં લાડુએ તન-મન-આતમને ઓત-પ્રોત કરી દીધા. લાડુ ઘણીવાર શ્રીહરિની પરાપારની વાતો કરે પણ જાદવ પટેલને કે દિયર કરણને સત્સંગ ન થયો તે ન જ થયો.

'આ કયો મારગ હશે, ગોકળી ?'

'ઘાણલાનો બાપજી !'

છ-એક ઘોડા રેવાળ ગતિએ પંથ કાપતા ધીમા પડ્યા. મારગ પૂછનારનું દેવાંશી રૂપ જોઈ ગોકળીથી હાથ જોડાઈ ગયા. મસ્તક નમી ગયું. મહારાજની આંખો અતીતમાં ખોવાણી : ઘા..ણ..લા..! લાડુનું સાસરું. ગઢડે આમંત્રણ આપેલું તે જ. હરિવરે કહ્યું : 'સુરા ! માતરા ! ઘાણલે રોકાણ થશે, વાંધો નહીં ને !'

'ભણે, મહારાજ ! નીકળ્યા તંઈ નક્કી જ ક્યાં કર્યું હતું કે ક્યાં શિરામણ કરવાં ! ઘાણલે છે કોઈ ! શિરામણ કરાવે એવું !'

'હા છે, ને આમંત્રણ પણ અંતરના ભાવનું છે.'

'તો તો રોકાઈને જ જઈએ.'

ઘાણલા આવ્યું. ગામકૂવે પનિહારીઓ પાણી સિંચી રહી હતી. ઘોડાનો વેગ થંભ્યો. મોખરે માણકી હતી. પીઠ પર બેઠેલ શ્રીજી પ્રભુને હેતની હાવળ્યો દેતી ઠમક ઠમક થઈ રહી હતી. બાઈ માણસ સાથે આમ સીધે સીધી વાત કરવામાં કાઠી ભક્તો ખચકાયા. શ્રીજી બોકાની છોડી આગળ સર્યા. રજભર્યા વસ્ત્રો ઝાટક્યાં. પનિહારીઓમાં લાડુબાઈ પણ હતાં. તેમણે મહારાજને ઓળખી લીધા, 'અહો ! પ્રભુ ! ઘાણલાની રજકણ પાવન થઈ ગઈ ! ભલે પધાર્યા.' કહી લાડુબાઈએ સ્ત્રીને છાજે એમ મહારાજને નમસ્કાર કર્યા.

મહારાજે એને ઓળખી ગયા, કહ્યું : 'લાડુ ! તરસ લાગી છે, જળ લાવ.'

'પણ મહારાજ ! ઘેર નહીં પધારો ? આમ, આંતરિયાળ બારોબાર ઊપડી જશો ?'

'રાજુલાથી આવીએ છીએ ને ગઢડા પહોંચવું છે.'

'અરે મહારાજ ! એમ હવે ન જવા દઉં.. ઘેર ચાલો, ગામ પાવન કરો, બધા જીવ બીચારા આપના જોગ વિના ભટકે છે ! એને શરણે લો... વધુ વખત નહી બગાડું, ઘેર જમાડીને તરત વિદાય કરીશ. હાલો ઝટ, આગળ, હીડું છું.' લાડુએ મહારાજને બોલવા જ ન દીધા.

મહારાજે અસવારોની આંખો સાથે આંખો મેળવી. 'કેમ કરશું ? સૌની મરજી તો હતી જ કે શિરામણ અહીં જ કરવું. આથી મહારાજે મલકાતા મુખે 'હા' ભણી.

લાડુબાઈને અંગોઅંગ હરખ વ્યાપી ગયો. સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ મારે ત્યાં ક્યાંથી ? સૌ પનિહારીઓએ પણ એ મૂર્તિને પ્રથમવાર નિહાળી. વાતો તો લાડુ થકી ઘણી વાર સાંભળેલી તે જ આ પ્રત્યક્ષ પધાર્યા ! સૌ ગામ ભણી પ્રયાણ કરી રહ્યા ત્યાં સુરોખાચર કહે : ' મહારાજ ! આ તરસ્યાં ઘોડાં હમચી ખૂંદે છે તે પ્રથમ એનું પેટ ઠારીએ.'

મહારાજની મરજીથી બધી પનિહારીઓએ બેડાં ઉતાર્યા. નજીકના ઘરમાંથી તગારાં મંગાવ્યાં ને પાણીથી ભરી દીધા. તરસ્યા ઘોડાઓની તરસ છીપી.

ઘાણલાની શેરીયુંમાં ડાબલા ગાજ્યાં. મોખરે માણીગર માણકી નચાવતાં, સખા સંગ વિનોદ કરતા જઈ રહ્યા હતાં. વાએ વાત વહેતી થઈ : સ્વામિનારાયણ પધાર્યા છે... લોકો શેરીએ ને ચૌટે ટોળે વળ્યા. લાડુની વાતો સાંભળીને સત્સંગી મહિલાઓનું મંડળ થયું હતું. એ મહિલાઓ પણ ઘરોઘર સત્સંગની વાતો કરતી, આમ ગામમાં હવે દ્વેષ રહ્યો નહોતો.

હરિ હેમખેમ લાડુબાઈને ત્યાં પહોંચ્યા. ઢોલિયા ઢળાયા. ધડકીયું બિછાણી. ઓશીકાં મૂકાણાં. મહારાજ ને દરબારોએ હાથ-પગ મોં ધોઈ કોરા ગળાનાં ટાઢાં પાણીથી પેટ ઠાર્યાં. સૌ આડે પડખે થયા તેટલીવારમાં તો લાડુબાઈએ ખેતરે સંદેશો મોકલાવી દીધો : મહેમાન આવ્યા છે ઝટ આવી જાવ. એક બાજુ

રસોઈ આદરી દીધી. હેતવાળી મહિલાઓનો સંગાથ મળ્યો. રોટલા ને અડદની દાળ, છૂટું ચૂરમું ને ઘીની તાંબડી, અથાણાં ને પાપડ, દહીં ને ભાત, બે બે શાક... ઝટપટ રસોઈ તૈયાર કરી દીધી. જાદવ પટેલ પણ ખેતરેથી આવી ગયા. ઢોલિયે બેઠેલ અતિથિઓને રામ રામ કર્યા.

સુરોખાચર કહે : 'પટેલ ! જય સ્વામિનારાયણ કહે.' પટેલે જય સ્વામિનારાયણ કહ્યા. પછી કહે : 'આમાં સ્વામિનારાયણ ન ઓળખ્યા. કોણ સે ??'

'અમે ભેગા ફરીએ છીએ તોય નથી ઓળખતા. તો તમને પહેલી નજરે ક્યાંથી ઓળખાય?' સુરાખાચરની મર્મવાણી સાંભળી મહારાજ મંદ મંદ હસી રહ્યા. પટેલને અણસાર આવી ગયો કે આ પાંત્રીસેક વરસનો તેજલ આભામાં તરવરતો જુવાન ઈ જ સ્વામિનારાયણ લાગે છે. પટેલે ભાવથી નમન કર્યું ને કહેવા માંડ્યા : 'સ્વામિનારાયણ ! આ તમારી ભગતડી તો ભારે નીમ પાળે છે હોં. ડુંગડી-લસણ ખાતી નથી. કામકાજમાંય તમારું રટણ મૂકતી નથી ને એની વાતોય એવી કે મારી તો કંઈ નજર જ પડતી નથી.'

'તમે ભજન કરવા દો છો ને ? આડા આવતા નથી ને ?'

'અરે હોય બાપજી ! પાળે ઈનો ધરમ...'

'તમે પાળો તો ?'

'ઈ મારાથી નો થાય. તમારા નીમ ન પળે.'

મહારાજે વધુ આગ્રહ ન કર્યો.

પંક્તિ પડી. લાડુબાઈએ મહારાજનું આસન જુદું ગોઠવ્યું. એમાં ભારોભાર ભક્તિ ઊભરાતી હતી. સન્મુખ બાજઠ ઢાળ્યો. કાંસાની ચકચકતી થાળીમાં દોથે દોથે ચૂરમું પીરસ્યું. દળેલી સાકર નાખી, ઘીની તામડી ઠાલવી. મહારાજે હં હં કરતાં ધીરે રહીને કાનમાં કહ્યું : 'અમારે તો આજ બાજરાના રોટલા ને અડદની દાળ જમવા છે.' તાવડી તો ચાલુ જ હતી. મહારાજની રુચિ પરખી લાડુબાઈએ રસોડે જઈ ઝટપટ બાજરાનો રોટલો ટીપી નાંખ્યો. માખણ ભરી પીરસ્યો. ઘરની ભેંસનું દૂધ, ઘી, માખણનો તોટો નહોતો. ગરમ ગરમ રોટલાને માખણનો પીંડો, મરચાંનું અથાણું ને દૂધની તાંસળીયું... દરબારો દ્વિધામાં પડ્યા. ચૂરમું ખાવું કે રોટલા ખાવા ! મહારાજે જાદવ પટેલને પોતાની પાસે થાળી લઈને બોલાવ્યા ને ચૂરમાની પ્રસાદી આપી. એમ જ સોમલો, સૂરો ને માતરો એક પછી એક ઊભા થઈ મહારાજની પ્રસાદી લૂંટી ગયા.

ભક્તવત્સલ પ્રભુ આજ જાડા ધડૂસ બાજરાના રોટલા સાથે લાડુના હેત આરોગતા રહ્યા. બાઈ પણ વહાલમને જમાડવામાં ઘાંઘાં પાંઘાં થઈ ગયા.

શ્રીહરિ ને સખાઓ જમી કરીને તૃપ્ત થયા. લાડુબાઈની ભક્તિથી અલબેલો આજ ભીના ભીના થઈ ગયા હતા. મુખવાસ, અંગીકાર કરી રસિયાવરે રજા માગી ત્યારે બાઈ બોલ્યાં : 'મહારાજ ! ઘડીવાર ખમો,' કહી ઝટપટ તાંસ ને જળ-દેગડો લઈ આવ્યાં. બાજોઠ પર તાંસમાં હરિવરના ચરણ મુકાવ્યાં...

મહારાજ જોઈ રહ્યા : શું કરો છો બાઈ ?

'દીનાનાથ ! આ ગામ કુસંગી છે એને સત્સંગી કરવું છે. આપના ચરણ ધોઈ એ પ્રસાદીનું પાણી કૂવામાં નાંખીશ. જે જીવ પીશે તે પાવન થશે.સંસ્કાર પડશે, આ નહીં તો બીજે જન્મે સત્સંગી થશે... આપનો યોગ થશે. અક્ષરધામના અધિકારી થશે.'

એક અબળાની આરજુ અલબેલાને સ્પર્શી ગઈ. કરુણાભીની આંખોમાં આંસુ વાત્સલ્ય ઝબકી ગયું ! વાહ, બાઈ ! તેં તો તારું ને અનંતનું કલ્યાણ માંગી લીધું ! શ્રીજી પ્રભુએ ચરણકમળ ધોવા દીધાં. જળપાન કરી બોકાની વાળી હરિએ માણકી પલાણી. 'આવજો, આવજો'ના શબ્દો આકાશમાં સમાઈ ગયા.

ફરી ઘાણલાની શેરીયુંમાં ઘોડાના ડાબલા ગાજ્યા. અસવારોએ સીધો ગઢડાનો મારગ લીધો. ઓશરીની જેર પર ઊભા રહી લાડુબાઈ છેલાનું છોગલું નીરખી રહ્યાં. જોત-જોતામાં ઘોડા આંખોમાંથી ઓઝલ થયાં.

વર્ષો વીત્યાં. લાડુબાઈ દિનપ્રતિદિન પરબ્રહ્મની ભક્તિમાં વધુ ને વધુ ગરકાવ થતાં હતાં. વયે જીવતરની સંધ્યા ઢળી. લોકો એમના મુખ પર પ્રાપ્તિ ને કેફ નિહાળતાં, હૈયે છલકતા મહિમાનું પાન કરતાં. ભક્તિના ઘૂઘવાતા સાગરમાં કાયમ માટે એને વિલીન થતી નિહાળી રહ્યા. નિશ્ચયનો મહેલ ક્યારનો તૈયાર થઈ ગયો હતો. તેમાં લાડુબાઈએ માણીગર માવની મૂર્તિ શાશ્વત પ્રતિષ્ઠિત કરી દીધી. ભૌતિક દેહ, ગેહ, પદાર્થમાંથી વૃત્તિ પાછી વાળી દીધી હતી.

એક રાત્રે શ્રીજી પ્રભુએ દર્શન દીધાં ને કહ્યું કે આવતીકાલે બપોરે બે વાગે તમને અક્ષરધામમાં લઈ જવા તેડવા આવીશું. તૈયાર રહેજો.

લાડુબાઈ તો રાજીના રેડ થઈ ગયાં. એને હૈયે હરખ માતો નથી. બાઈએ પ્રથમ ધણીની વાકેફ કર્યા કે આજે હું અક્ષરધામમાં જવાની છું તો ખેતરે જશો નહીં ને જાવ તો બપોર સુધીમાં ઘેર આવી જજો.

સાંભળી પટેલ કહે : 'જો કો કરણા ! તારી ભાભી આ શું બકે છે ?' એમ કહી બંનેએ બાઈના કહેણને હસી કાઢ્યું. એમ કે નખમાંય રોગ નથી ને મરવાની વાત કરે છે !

કરણ કહે : 'ભાભી ! નિરાંતે ખાઈ-પીને ભજન કરો. ધામમાં લઈ જવા કોઈ નવરું નથી.'

બંને ભાઈઓ નિત્ય નિયમ મુજબ ખેતરે ગયા.

લાડુબાઈએ ઘરને શણગારર્યું. હીરના તોરણ બાંધ્યાં. બાઈઓને ભેગી કરી. ગીતો ગાયાં. ધૂન કરી. બપોરનો સમય થયો. રોંઢા વેળા વીતી રે શ્રીહરિ પોતાના મુક્તોને સાથે લઈ લાડુબાઈને તેડવા પધાર્યા. ગામની નજીકના ત્રિવેણી સંગમ પાસેની સપાટ જમીનમાં વિમાનો ઉતાર્યાં. ગામના ઘણા જનોએ આ કૌતુક દીઠું !

લાડુબાઈને એકાએક તાવ ચઢ્યો હતો. કોઈએ ખેતરે સંદેશો કહાવ્યો કે તાકીદે ઘેર આવો... બંને ભાઈઓ ખેતરેથી ઘેર આવ્યા. બાઈ જમીન પર બેઠેલાં હરિવર સાથે જાણે ગોઠડી માંડી હતી. પટેલ આવ્યા કે તરત બાઈએ કહ્યું : 'આ શ્રીજી મહારાજને નમસ્કાર કરો, જુઓ મને લેવા આવ્યા છ અનંત મુક્તો સાથે છે. હું એમની સાથે અક્ષરધામમાં જાઉં છું... તમે ભક્તિ કરજો...'

જાદવ પટેલ પામી ગયા કે આ તાવની લવરી ચાલી... આથી કહે : 'અમારું તો જે થવાનું હોય તે થાશે તું તારા જીવને ગત્યે કર.'

લાડુબાઈની અધમીંચી આંખો, આખી ખૂલી ગઈ. ઝળહળ તેજ ઝળક્યું, 'શું કહ્યું ? મારા જીવને ગત્યે કરવાનું કહો છો ? અરે ! મારા કલ્યાણની તો ક્યાં વાત કરું ! પણ મારા સંબંધે તમારુંયે કલ્યાણ થઈ ગયું, પટેલ ! જુઓને આ હાથે પૂર્ણ પુરુષોત્તમનારાયણને રોટલા કરીને મેં જાતે જમાડ્યા છે, એમનાં ચરણ ધોયાં છે, સેવા કરી છે, એ હાથના રોટલા તમે આખી જિંદગી ખાધા છે. તેથી તમારા કલ્યાણમાં લેશ પણ ખામી નથી. તમારું કલ્યાણ મારા સંબંધે થઈ ગયું પટેલ ! સીધા અક્ષરધામમાં જશો, તો મારા કલ્યાણમાં ક્યાંથી ખામી રહે ?'

પટેલ તો આ પરભાવના શબ્દ સાંભળી જ રહ્યા.

પટેલનું આંગણું ગામજનોથી છલકાતું હતું. બાઈના મોં પર તેજ જુદું હતું. તાવનો તો અણસાર જ નહોતો. આ કોઈ સતીમાં બોલી રહ્યા છે એવું સૌને લાગ્યું. બાઈઓ તો ભેળી થઈ ખોળો પાથરી પગે લાગી. ઐહિક કામના કરી, કેટલીક બાઈઓ કહે : 'અમારા કલ્યાણનું શું થશે ?'

લાડુબાઈ બોલ્યા : 'એનીય ચિંતા કરશો નહીં. આ ગામના કૂવાનું પાણી જે જે જીવે પીધું તેનું કલ્યાણ નિશ્ચિત છે. મારી વાતો જેણે સાંભળી હશે, મારાં દર્શન જેણે કર્યા હશે, મારા હાથે કાંઈ ચપટી લોટ પામ્યું હશે કે મારા ગોળાનું પાણી પીધું હશે એ બધા ભવસાગર તરી ગયા. અરે ! તમારાં દર્શન કરીને પણ બીજાને સંસ્કાર થઈ ચૂક્યા. આ તો પરબ્રહ્મનો સંકલ્પ છે. તે કેમ મિથ્યા થાય !'

સૌ એક પછી એક આવી આવી લાડુબાઈને પગે લાગી ગયા.

લાડુબાઈ કહે : 'કોઈ આંસુ પાડશો નહીં, સ્વામિનારાયણની ધૂન કરજો, ભજન કરજો, સાકર વહેંચજો... હું અક્ષરધામમાં જાઉં છું... આ પ્રભુ પધાર્યા છે, ઉતાવળ કરે છે. લો આવજો... અને હા, શ્રીહરિની ઈચ્છા છે તે પટેલ ! તમે વ્યસન આજથી જ છોડો, નિયમ લો...'

ગામના માણસો વચ્ચે જાદવ પટેલે હાથમાં જળ મૂક્યું ને નિયમ ગ્રહણ કર્યો.

એક આત્માના જીવતરનું પાનેતર પરબ્રહ્મના રંગે રંગાઈ ગયું. નિશ્ચયના અભેદ્ય મહોલમાં છવાઈ રહ્યું. અનેક જીવોની અક્ષરપોળ ઉઘાડતું ગયું.

સંધ્યાના રંગ સાથે ચિતાગ્નિએ એક પવિત્ર દેહને પોતામાં વિલીન કર્યો ત્યારે ઘાણલા ગામની રજકણમાં એક નાદગુંજી રહ્યો હતો : ધન્ય છે ઘાણલાને, ઘાણલાની ડોશીને.



## શ્રીહરિએ બક્ષેલી મૌલિક સાધના :

# માનસીપૂજા-૨

- શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

માનસીપૂજાની અનિવાર્ય ત્રણ શરતો :

મોમાં પાણી આવી જાય તેવી માનસી પૂજાની પ્રત્યક્ષ પૂજા જેટલી સામર્થી સાંભળીને આપણે માનસી પૂજા કરવા તરત લલચાઈએ એ સ્વભાવિક છે.
પરંતુ માનસીપૂજાનું ફળ પ્રત્યક્ષ પૂજા જેટલું જ મળે ક્યારે ?

એની ત્રણ આવશ્યક નહિ, પરંતુ અનિવાર્ય શરતો છે. જો આ શરતો સંતોષાય તો જ માનસીપૂજાનું ફળ પ્રત્યક્ષ પૂજા જેટલું મળે. નહિતર બેયનું ફળ શૂન્ય. શ્રીહરિએ મુકરર કરેલી આ ત્રણ શરત છે.

૧. પ્રેમ મગ્ન, ૨.રોમાંચિત-ગાત્ર, ૩. ગદ્‌ગદ કંઠ.

મનમાં શરૂ થતી પૂજામાં ઉપરોક્ત ત્રણ તત્ત્વ ભળે તોએ માનસીપૂજા પ્રત્યક્ષ પૂજા તુલ્ય બની જાય છે. પ્રત્યક્ષ પૂજામાં પણ આ ત્રણ તત્ત્વ અનિવાર્ય જ છે.

૧. માનસીપૂજા પ્રેમે મગન સહિત કરવી :

જે ક્રિયા, વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે આપણને પ્રેમ હશે, તેમાં પરોવાતાં કંટાળો નહિ આવે.

ક્રિકેટનો રસિયો પચીસ વાર મેચ જુએ, પણ કંટાળે નહિ.

ગુટકાનો વ્યસની ગુટકા દિવસમાં ૨૫ ખાય, તોપણ તૃપ્ત જ ન થાય.

પિતા પુત્રને રમાડવા ને જમાડવામાં ક્યારેય થાકે જ નહિ.

આનું કારણ શું ? પ્રેમ.

માનસીપૂજામાં પણ ભગવાન પ્રત્યે પ્રેમ હશે તો જ કંટાળો નહિ આવે કે થાક નહિ લાગે. બાકી તો ૨ મિનિટ મન જોડાયું ન જોડાયું, માનસી કરી ના કરી ત્યાં તૃપ્તિ.

હવે આવી પ્રીતિ, આવો પ્રેમ ઉત્પન્ન કરવો કેવી રીતે ?

તેનો ઉપાય વચનામૃત કારિયાણી-૧૧માં શ્રીજી મહારાજ જણાવે છે.

પ્રીતિનું લક્ષણ શું ? પ્રિયતમની મરજીને ક્યારેય લોપે નહિ. તો આપણે મહારાજની આજ્ઞા મુજબ, એમની રુચિ મુજબ જેટલા પ્રામાણિક અને નિયમિતપણે નિયમ-ધર્મમાં વર્તીએ એટલી જ પ્રીતિ સાચી.

૨. રોમાંચિત-ગાત્ર થઈને માનસી પૂજા કરવી :

રોમાંચિત-ગાત્ર એટલે રૂંવાડાં ઊભાં થાય, ઉત્તેજના થાય, તીવ્ર ઉન્માદનું મોજું સમગ્ર તનમનમાં ફરી વળે તો અનુભવ.

આવો રોમાંચ વ્યક્તિ ક્યારે અનુભવે છે ?

કોઈ વ્યક્તિ, કોઈ વસ્તુ કે કોઈ સમાચારની જ્યારે આપણા અંતરમાં અદમ્ય ઈચ્છા પ્રગટે, તેની પ્રાપ્તિ માટે તીવ્ર તલસાટ જાગે ને રાતદિવસ એનું રટણ

કરે, ને જ્યારે એ વ્યક્તિ કે વસ્તુ કે સમાચારની વાત ઈચ્છિત રૂપમાં મળે, તે ક્ષણે સમગ્ર શરીરમાં જે ઝણઝણાટીની અનુભૂતિ થાય તેનું નામ રોમાંચિત ગાત્ર.

નવદંપતીને પ્રથમ જ સંતાન પ્રગટ થવાનું હોય, ને તેના સમાચાર પિતાને જ્યારે ફોન પર સાંભળવા મળે કે પુત્ર જન્મ્યો છે, તે ક્ષણે જ પરમ સુખની અનુભૂતિ થાય એ રોમાંચિત-ગાત્ર. એનું કારણ છે, જેની ઝંખના હતી તે સમાચાર પ્રાપ્ત થયા.

અમેરિકા જવા માટે વર્ષોથી ધમપછાડા કરતા હોઈએ, ને છેલ્લે અમેરિકન એમ્બેસીવાળા બોલાવે, ઈન્ટરવ્યુ લે, અને છેલ્લે કાગળીયું હાથમાં આપીને કહે, લો, આ તમારા ૧૦ વર્ષના વીઝા પાસ. આ સમયે કાગળ લેનારને જે સુખદ ધ્રુજારી થાય તે રોમાંચિત-ગાત્ર. આનું કારણ છે, જે વસ્તુની પ્રાપ્તિની અદમ્ય ઝંખના હતી તેની પ્રાપ્તિ થઈ.

આવા રોમાંચિત-ગાત્રની મનોદશા માનસીપૂજા દરમ્યાન કઈ રીતે ઊભી કરી શકાય?

આનો એક જ ઉપાય છે : ભગવાનના મહિમાનો વિચાર.

હું જે ભગવાનની માનસીપૂજા કરું છું તેઓ કેવા મહાન છે?

તેમનાં કેવાં દિવ્ય ઐશ્વર્ય છે ? તેમની કેવી સત્તા છે?

કેવું દિવ્ય સામર્થ્ય છે? તેમની કેવી રચના છે?

કેવા કલ્યાણકારી ગુણો છે ? તેમનું કેવું સુખ છે?

ભગવાનના આવા વિવિધ કાર્ય અને પ્રતાપનું જ્યારે સ્મરણ થાય, ને આવી અલૌકિક વિભૂતિની પૂજા કરવાનું સૌભાગ્ય મને મળ્યું છે, આવો વિચાર આવે ત્યારે રોમાંચ વિશેષ પ્રગટે છે. આવા રોમાંચ સાથે કરેલી પૂજાનું ફળ કંઈક ઓર હોય.

૩. ગદ્ગદ કંઠ થઈને માનસી પૂજા કરવી :

ગદ્ગદ કંઠ એટલે શું ? કોઈ વ્યક્તિએ આપણા ગુણ-અવગુણ જોયા વગર, ટાણે-કટાણે હર એક પળે કાયમ માટે તમામ પ્રકારની શ્રેષ્ઠ સંભાળ રાખીને હૈયાના હારની જેમ સાચવ્યા હોય અને ઉપકારોની પરંપરા કરી હોય, તેવી વ્યક્તિના દર્શન કે સ્મરણ માત્રથી ગળું રૂંધાઈ જાય, આંખો ભીની થઈ જાય ને હૃદયમાં તેના માટે આગાધ આદાર પ્રગટે, એનું નામ ગદ્ગદ કંઠ.

દીકરો જેલમાં સપડાયો હોય, દીકરી પરણાવવા લાયક થઈ હોય, ૧૦ લાખનું દેવું હોય ને વ્યાજ ચઢતું હોય, પત્ની સતત બિમાર રહેતી હોય, ઘર પડું પડું થતું હોય, બાપ મરણ-પથારીએ હોય, ને નાનો દીરો ધોરણ ૧૨માં નાપાસ થાય. આવા સમયે કોઈ સમર્થ કરોડપતિ વ્યક્તિ આવે ને પાણીમાંથી પાંદડું ઊંચકે તેમ બધી મુશ્કેલીમાંથી ઉગારી લે, તો... ? એના ચરણોમાં આળોટવા માંડીએ, ગદ્ગદ કંઠે તેની સ્તુતિ કરીએ.

માનસી પૂજા શરૂ કરતાં પહેલાં આવો ગદ્ગદભાવ પ્રગટ કરવા શું કરવું?

મહારાજે આપણા પણ કરેલા અનંત ઉપકારોની સ્મૃતિ.

આ ઉપકારોની સ્મૃતિ કરવા એક વિચાર કરવો :

જો મને આ સત્સંગ, આ સંતો અને આ શુદ્ધ સર્વોપરી ઉપાસનાનો યોગ ન થયો હોત તો હું ક્યાં હોત? મારો પરિવાર ક્યાં હોત?

વ્યસન, વિષય, વહેમ, કજિયા, કુસંગ, કુસંપ... આ અનેક દુર્ગુણોએ મને, મારા પરિવારને તબાહ કરી નાંખ્યો હોત આ મહારાજના ઉપકારોથી હું ઊગરી ગયો. એ મહારાજની હું માનસી પૂજા કરું છું. આ વિચાર કરવાથી વિશેષ કૃતજ્ઞતા પ્રગટશે.

આમ, ઉપરોક્ત ત્રણ ભાવ આપણામાં પ્રગટે તે માટે વિશેષ પુરુષાર્થ કરવો પડે. કારણ કે ફક્ત આંખો બંધ કરીને પદ્માસનમાં બેસવાથી માનસીપૂજા પૂરી થઈ જતી નથી. પરંતુ આ ત્રણ ભાવ પ્રગટે ત્યારે જ ૧૦૦ ટકા ફળ મળે છે.

માનસી પૂજા કોની કરવી?

આપણી ઉપાસના ભગવાન પુરુષોત્તમનારાયણની છે. શ્રી સહજાનંદ સ્વામીને આપણે આપણા ઈષ્ટદેવ માનીયે છીયે એમની જ મનસીપૂજા કરવાની છે.

માટે માનસીપૂજા ભગવાન શ્રી સ્વામિનારાયણની જ કરવી.

માનસીપૂજા ક્યારે અને કેટલી વાર કરવી?

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પાંચ ટાણાંની માનસીપૂજા પ્રચલિત છે.

૧. પ્રાતઃકાળે પૂજામાં
૨. બપોરે ૧૦:૩૦ થી ૧૧:૩૦ સુધીમાં અથવા ભોજન વેળાએ
૩. ૩:૩૦ વાગ્યાથી ૪:૦૦
૪. સંધ્યા સમયે
૫. ચેષ્ટા દરમ્યાન અથવા રાત્રે શયન વેળાએ

ઉપરોક્ત સમયે શ્રીહરિની મન દ્વારા સેવા-પરિચર્યા કરવી જોઈએ. કદાચ આ પ્રમાણે પાંચ સમયની શ્રદ્ધા ન હોય તો ત્રણ વાર તો કરવી જ.

૧. પ્રાતઃકાળે પૂજા દરમ્યાન
૨. બપોરે ૧૦:૩૦ થી ૧૧:૩૦ સુધીમાં અથવા ભોજન વેળાએ
૩. ચેષ્ટા દરમ્યાન અથવા રાત્રે શયન વેળાએ

માનસી પૂજા કેવી રીતે કરવી?

મનની પૂર્વભૂમિકા માટે પ્રથમ ધ્યાન મુદ્રામાં સાવધાન બેસી હું ત્રણ ગુણથી પર, શુદ્ધ ચૈતન્ય તેજોમય બ્રહ્મરૂપ એવો આત્મા મહારાજનો દાસ છું. મારે વિશે શ્રીજી મહારાજ અખંડ વિરાજમાન છે. આવી ભાવના કરીને ઉપર જણાવ્યા પ્રમાણે પ્રેમે સહિત, રામાંચિત-ગાત્ર સાથે ગદ્‌ગદભાવ પ્રગટ થાય તે માટે જરૂરી પૂર્વચિંતન કરવું.

માનસીપૂજામાં દિવસ દરમ્યાન, સમયે સમયે આપણા શરીર માટે આપણે જે જે ક્રિયા કરીએ છીએ, તે જ વિધિ મન દ્વારા શ્રીજી મહારાજને કરવવાની છે.

અગાઉ જણાવ્યું તેમ માનસી પૂજામાં સ્થળ, સમય, સામગ્રી, વર્ણાશ્રમ કે સ્ત્રી-પુરુષ જાતિ એવું કોઈ બંધન આડું આવતું નથી. એટલે આપણને રુચે એ મુજબ શ્રીજી મહારાજની સેવા-પરિચર્યાને પૂજા નિઃસંકોચપણે કરી શકાય.

મૂળ મુદ્દો એ છે કે આપણને મજા આવવી જોઈએ, એ પૂજા દરમ્યાન.

શાંત મને, એકાગ્ર ચિત્તે, એકાંત સ્થાનમાં બેસી, રોમાંચિત-ગાત્રે ગદ્‌ગદકંઠે અને પ્રેમમગ્ન થઈ સાક્ષાત્ મહારાજની પૂજા સેવા કરતા હોઈએ તેમ મનમાં ચિંતવું. મનની સ્થિરતા માટે માનસી પૂજા પહેલાં આત્મવિચાર કરવો.

ત્રણ ઋતુઓ માટેની માનસી પૂજાની રીત માટે જુઓ વચ. ગ.અં. - ૨૩.

દિવસમાં પાંચ વખત ઋતુ અનુસાર વિવિધ ઉપચારોથી થતી માનસી પૂજાની રીત આ મુજબ છે.

૧. પ્રાતકાળે : ઉત્થાન

શ્રીજી મહારાજને પ્રાર્થના કરી ઉઠાડવા, દાતણ વગેરે કરાવવું. ઋતુ અનુસાર યોગ્ય ગરમ કે ઠંડા જળથી સ્નાન કરાવવું. વસ્ત્ર ધારણ કરાવવાં. ચંદન પુષ્પાદિકથી પૂજન કરવું. દૂધ-પકવાન ધરાવવાં. જલપાન, મુખવાસ ધરાવી આરતી, પ્રદક્ષિણા, દંડવત્ પ્રણામ અને સ્તુતિ કરવાં.

૨. મધ્યાહ્ન કાળે : રાજભોગ

સુવર્ણના બાજોઠ ઉપર પધરાવી ભાવતાં ઉત્તમ ભોજન ભાવપૂર્વક જમાડવાં જલપાન, મુખવાસ ધરાવી આરતી, પ્રદક્ષિણા, દંડવત્ પ્રણામ, સ્તુતિ કરવાં. સુંદર પલંગ ઉપર પોઢાડવા.

૩. સાંજે ચાર વાગ્યે : ઉત્થાન

સાંજે ચાર વાગ્યે પ્રાર્થના કરી ઉઠાડવા. ઋતુ અનુસાર સ્નાનાદિક કરાવી, ચંદનપુષ્પની પૂજા કરવી. સૂકો મેવો-ફળફળાદિ ધરાવવાં. જલપાન કરાવી મુખવાસ ધરાવવો.

૪. સંધ્યાકાળે : ભોજન

પૂરી, શાક, ખીચડી, કઢી, પાપડ-અથાણાં જમાડી દૂધપાન કરાવવું. જલપાન, મુખવાસ અર્પણ કરી આરતી, પ્રદક્ષિણા દંડવત્-પ્રણામ સ્તુતિ કરવાં. એક, બે કે હેત ઉપજે તેટલી વાર ભેટવું.

૫. રાત્રિએ : પોઢાડવા

દૂધાપન કરાવી મુખવાસ આપી આરતી, પ્રદક્ષિણા, દંડવત્ પ્રણામ, સ્તુતિ કરવાં પોતાના આત્મામાં પ્રેમ રૂપી પલંગ ઉપર પોઢાડવા. ચરણસેવા કરવી.

# ડાહ્યું કોણ ?

- અતુલ બી. પોથીવાલા, અમદાવાદ

જીવા ખાચરના ભવનમાં રતો બસિયો કરીને એક કાઠી રહેતો હતો. રાજબાઈનો કાંઈક સંબંધી હતો. ઉંમર અઢાર વર્ષની. દેખાવમાં કોઈ રાજાના કુંવર જેવો ગૌર વર્ણનો. પરંતુ તેને નાનપણથી જ ચિત્તભ્રમનો રોગ હતો એટલે અર્ધપાગલની જેમ વર્તે. શ્રીજી મહારાજે એને ભક્ત કર્યો હતો. લોકો 'જય સ્વામિનારાયણ' કહે પણ રતો ક્યારેય બોલે નહિ અને સામું પણ ન જુવે ! પરંતુ જેવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજને જુએ કે દૃષ્ટિ એકાકાર રાખીને બસ મહારાજને નિરખ્યા કરે !

શ્રીહરિ એને પોતાના ભાઈબંધ જેવો માનતા. મહારાજ જ્યારે એને દેખે ત્યારે પ્રસન્ન થઈને બોલે, ''હમણાં જ અમારા ભાઈબંધ અમારી પાસે આવીને બેસશે.'' અને રતો રીતસર મહારાજની પાસે આવી, પગે લાગી બેસી પણ જાય ! મહારાજ પૂછે, ''કેમ શું જમ્યા ? ચાલો ભૂખ્યા હોય તો જમાડીએ.'' એમ કહીનો મહારાજ જમાડે પણ ખરા. મોટા સંતથી પણ એણે વધારે લાભ લીધો. શ્રીહરિ જમતા હોય ને તેને આવતો જુએ તો બોલાવીને જમાડતા.

શ્રીહરિ જ્યારે જ્યારે આવે ત્યારે બજારમાં રતાને ખભે હાથ મૂકીને ઘણીવાર ચાલતા, જાણે પોતાનો લંગોટિયો ભેરૂબંધ હોય તેમ ! એક દિવસ જીવા ખાચરના દરબારમાં શ્રીહરિ સભા મધ્યે બિરાજમાન હતા. ત્યાં દૂરથી રતો કાઠી આવતો જોયો. આજે એને સભામાં કોઈક કારણસર આવતાં મોડું થયું હતું. રતાને જોતાં જ શ્રીહરિ ઊભા થયા અને સામે ચાલીને તેના ખભે ભાઈબંધની જેમ હાથ મૂકીને સિંહાસન તરફ એને દોરી ગયા. દરમ્યાન મહારાજ એની સાથે કંઈક વાતચીત કરતા હતા.

આખી સભા આ દૃશ્ય જોઈ રહી. એક ચિત્તભ્રમ થયેલ અર્ધપાગલ જેવા આ રતા બસિયામાં એવું તે શું મહારાજ ભાળી ગયા છે કે જ્યારે જુઓ ત્યારે ''અમારા ભાઈબંધ આવ્યા'' એમ કહે છે ?

સભામાં બિરાજમાન સૌ સંતો અને હરિભક્તોના મનમાં આ પ્રશ્ન ઉદ્‌ભવ્યો.

મહારાજે રતાને પોતાની પાસે બેસાડ્યો. પછી સભા સમક્ષ દૃષ્ટિ કરીને જાણે સૌના મનને વાંચી લીધું ! ધીરે રહીને મહારાજ બોલ્યા, ''આજે અમે રતાના ખભે હાથ મૂકીને અમારા ભાઈબંધ સાથે વાતો કરતા હતા, તે શું વાત મહારાજ હશે એવું કુતૂહલ તમને બધાને થયું. ખરું ને ? પરંતુ આજે અમે રતાને પૂછ્યું, મનમાં જે ઈચ્છા હોય તે કહેજો. અમે તમારા ભાઈબંધ છીએ. તમારે જે જોઈએ તે અમો આપીશું.'' ત્યારે અમારા ભાઈબંધ શું બોલ્યા તે જાણવું છે ? એ બોલ્યા, ''તમે તો ભગવાન છો અને તમારાથી અધિક કાંઈ નથી. તમારાથી કાંઈ અધિક જોઈતું હશે ત્યારે માંગીશું. તમારે શરણ આવ્યા ત્યારથી બધી તૃષ્ણા નાશ પામી છે, દુઃખમાત્ર ટળી ગયા છે, બધી સુખ સંપત્તિ મળી છે છતાં માંગીએ તો ભિખારી કહેવાઈએ.''

મહારાજનાં શબ્દો સમગ્ર સભા એકીશ્વાસે સાંભળી રહી હતી ! મહારાજ આગળ બોલ્યા, ''બોલો કેવી સમજણ છે અમારા બાઈબંધની !'' અમારી પાસે અવાર નવાર મોટા મોટા સંતો આવે છે ને ફરિયાદ કરે છે કે હે મહારાજ ! આ વર્તમાન બહુ કાઠાં પડે છે. કાંઈક હળવા કરો ! તો ગૃહસ્થ હરિભક્તો પણ જગતની વિટંબણાઓ લઈને આવે છે ને કહે છે, હે મહારાજ ! બસ આટલી દયા કરો ! જ્યારે આ અમારા

રતા ભાઈબંધને અમે વારંવાર કંઈક માંગવાનું કહીએ ત્યારે એક જ જવાબ કે બસ મહારાજ આપ મળ્યા ત્યારથી અમારી જન્મોજન્મની ખામી ભાંગી ગઈ છે પછી શું માંગવાનું હોય ? તમે બધા રતાને પાગલ જેવો ગણી એને હડધૂધ કરો છે. એનું અપમાન કરો છો પણ અમારા રતા જેવો ડાહ્યો આ સભામાં એકેયે અમને લાગ્યો નથી ! તમે જ કહો કે ડાહ્યું કોણ ? તમે કે અમારા આ ભાઈબંધ ?

આટલું કહી મહારાજ શાંત બેસી રહ્યા. સમગ્ર સભામાં જાણે સન્નાટો છવાઈ ગયો. આ અર્ધપાગલ જેવા જણાતા અઢાર વર્ષના છોકરામાં આટલી ઊંચી સમજણ ! વાહ રતા વાહ ! મહારાજની પાસે જ શાંત મુદ્રામાં બિરાજમાન હતા બસિયાને સભાજનો મનોમન વંદી રહ્યા.

અંતે મહારાજ બોલ્યા, ''આવા સાચા અને પ્રેમી જન ઉપર અમારે વણ માંગ્યું હેત ઉભરાય છે. સત્સંગમાં જ્યાં સુધી રસ જણાય નહિ ત્યાં સુધી નામમાત્ર સત્સંગી કહેવાય. પરંતુ અમને ભગવાન જાણ્યા પછી અમારા ભાઈબંધની જેમ બધી તૃષ્ણા નાશ પામી જાય ત્યારે જ એ અમારા સાચા સત્સંગી અને ડાહ્યા સત્સંગી કહેવાય.'' આટલી શીખ આપી મહારાજ આરતી કરવા ઊભા થયા.

મંદિરમાં સંધ્યા આરતીની ઝાલરો રણકી ઊઠી. સૌને આજે એ રણકાર રોજ કરતાં અધિક મીઠો લાગ્યો. જાણે કે આજે મહારાજ જેવા છે તેવા ઓળખાયા માટે !

# જેરામ બ્રહ્મચારીનું આખ્યાન

- ધરમશીભાઈ દેવજી ભગત

ચોપાઈ - શ્રીહરિના વરણી વર્ગમાં,
જેનું હિત મોટેરું નામ,
એવા જયાનંદ વરણી,
ઉરફે બ્રહ્મચારી જેરામ.
કોટી ભુવનના નાથને,
જેણે એવી રીજવ્યા અપાર,
એવા બ્રહ્મચારી જેરામનું,
કહું આખ્યાન કરી પ્યાર.

શ્રીહરિના અતિ વ્હાલા નૈષ્ઠિક વ્રતધારી આ સંત જે જયાનંદ વરણી એવા નામે પ્રસિધ્ધ છે. નિષ્કુળાનંદ સ્વામીએ વર્ણીના નામો લખતાં મૂળજી બ્રહ્મચારી પછી જેરામ બ્રહ્મચારીનું નામ લખ્યું છે. વળી ગોપાળાનંદ સ્વામીએ મહાપૂજામાં જેરામ વર્ણીનું નામ લખ્યું છે. આ બ્રહ્મચારી કવિ હતા. જેમનું એક કીર્તન, ''આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી'' આખા સંપ્રદાયમાં ખૂબ જ પ્રસિધ્ધ છે. શ્રીહરિને મળતા જ બ્રહ્મચારીએ સખી ભાવે આ પદો રચેલાં છે. શ્રીહરિની સેવામાં આ બ્રહ્મચારીએ આખું જીવન ગાળી નાખ્યું. બ્રહ્મચારીનો જન્મ અમદાવાદ નજીક વાસણા ગામમાં થયેલો. જ્ઞાતિએ તેઓ મેવાડા ભટ્ટ બ્રાહ્મણ હતા. પૂર્વના કોઈ મહામુક્ત હતા. માતાપિતાએ જેરામ નામ પાડેલું. નાનપણમાં જ સત્યની ખોજના વિચારો આવતા. હું કોણ છું, ક્યાંથી આવ્યો છું અને ક્યાં જવાનું છે, પ્રભુ કેમ મળે ? આદિ પ્રશ્નોના ઉત્તર શોધતા રહેતા. સાધુ સંતોનો સંગ ગમતો. ભર જુવાનીમાં પણ સ્ત્રી પ્રત્યે બિલકુલ રાગ ન હતો. હૈયામાં સહેજે વૈરાગ્ય હતો.

ચોપાઈ - હરિ મળવા તલસે છે મન,
મને કેદી મળશે જીવન,
રાતે નથી આવતી નિંદરા,
દિવસે ભાવતું નથી અન્ન જરા.

શ્રીહરિએ વિચાર કર્યો આવા મુમુક્ષુને મળવા માટે તો હું પ્રગટ થયો છું. માટે કોઈ પ્રકારે જરૂર મળવું. સંવત્ ૧૮૬૨માં જગદીશાનંદ સ્વામી વાસણા પધારેલા. જેની વાણીથી જેરામભટ્ટને પ્રગટ શ્રીહરિની ઓળખાણ થઈ. ધરતી પર પુરુષોત્તમ નારાયણ પધાર્યા છે. સમાધિઓ કરાવે છે. આ ટાણે પ્રગટને

ઓળખીને આત્મ કલ્યાણ કરી લેવું. સ્વામીની વાણી સાંભળી ભટ્ટજીની હરિ મિલનની ભૂખ ઉઘડી. ક્યારે મળે હરિ. શ્રીહરિ વિચરણ કરતા ધોરાજીમાં પધાર્યા. નિરખી નાથ, હૈયું રહ્યું નહિ હાથ. પછી તો એવા પ્રભાવિત થયા કે જીવન ભર રહ્યા હરિ સંગાથ. શ્રીહરિએ પૂછ્યું બ્રહ્મચારી અમારી સેવામાં રહેશો ? અરે એવાં ભાગ્ય ક્યાંથી ? તરત બ્રહ્મચારીને દીક્ષા આપી જયાનંદ વરણી એવું નામ રાખ્યું. પોતે કવિ હતા એટલે લેખક પણ ખરા જ. પોતે જ પોતાની કહાની લખી. કીર્તન રત્નમાળા ગ્રંથમાં પોતાના પૂર્વાશ્રમની વાત લખી છે જેના શબ્દો છે, ''સદ્‌ગુરુ વિનંતી મોરી, આવ્યો શરણ હું તોરી'' શ્રીહરિ તેમની પ્રાર્થના સાંભળી. વાલે કીધી મહેર, મહાજન મેલ્યું મારે ઘેર. વાસણા ગામે જગદીશાનંદ પધાર્યા હતા. શ્રીહરિની દરેક ક્રિયા બ્રહ્મચારી ખૂબ જ ઝીણી નજરે જોતા ખુમારી એવી કે જ્યાં જતા ત્યાં ઉંચે સાદે આ કીર્તન ગાતા,

પૂર્વનું પૂન્ય પ્રગટ થયું જ્યારે,
સ્વામિનારાયણ મળ્યા રે ત્યારે,
નિરખી નારાયણ મૂર્તિ,
જ્યારે ત્રિવિધ તાપ ટળ્યા મારા ત્યારે.

એક વખત જેરામ બ્રહ્મચારી સુરત ગયેલા. સુરતના હરિભક્તોએ બ્રહ્મચારીને ઉચ્ચ પ્રકારના વાઘાને ઘરેણાં આપ્યા. આ શ્રીહરિને ભેટ ધરજો. બ્રહ્મચારી ગઢપુર જવા રવાના થયા. વચ્ચે રોઝડા ગામ આવ્યું. બે કોળીને ખબર પડી કે આ બાવા પાસે ઘરેણાં છે. લૂંટી લેવા તેની પાછળ પડ્યા. બ્રહ્મચારી દોડતા દોડતા એક વાડીએ જઈ પહોંચ્યા. વાડીના માલિક રજપૂત મશરૂગોળે પૂછ્યું, કેમ બ્રહ્મચારી આમ દોડો છો. બ્રહ્મચારી કહે પેલા બે કોળી મારી પાછળ પડ્યા છે. મારી પાસે ઘરેણાં છે તે લૂંટી લેવા માંગે છે. રજપૂતે તલવાર કાઢી પેલા બેને પડકાર્યા. શું સમજો છો આ તમારી સગી નહિ થાય જીવતા રહેવું હોય તો ભાગી જાવ. એમ કહી ભગાડી મૂક્યા. બ્રહ્માચારી કહે હમણાં જતા રહ્યા પણ આગળ જતા જરૂર લૂંટી લેશે. રજપૂત કહે તો એક કામ કરો આજની રાત રોકાઈ જાવ. બ્રહ્માચારી રોકાઈ ગયા. બીજે દિવસે આ રજપૂતે બ્રહ્મચારીને દૂર સુધી વળાવવા ગયા. બ્રહ્માચારી હેમખેમ ગઢપુર પહોંચ્યા. વસ્ત્રોને ઘરેણાં શ્રીહરિને ભેટ ધર્યાં. શ્રીહરિ તે જોઈ ખૂબ રાજી થયા ને બોલ્યા આ તો અતિ કિંમતી છે. કિંમતી છે એટલે તો પેલા બે લૂંટવા પાછળ પડ્યા હતા. તમે રક્ષા કરી. મશરૂગોળ રજપૂતે અમને બચાવ્યા. શ્રીહરિ કહે એ રજપૂત અહીં આવે તો જરૂર અમારી ઓળખાણ કરાવજો. એક દિ આ રજપૂત ગઢપુર આવ્યા. બ્રહ્મચારી તેને શ્રીહરિ પાસે લઈ આવ્યા. મહારાજ આ રજપૂતે અમારો પક્ષ રાખી લૂંટારા થકી બચાવેલ. શ્રીહરિ કહે તમે અમારા સંતની રક્ષા કરી માટે અમે તમારું જરૂર કલ્યાણ કરશું.

બ્રહ્મચારી સ્વભાવે જરા આકરા હતા. જે નીચેના પ્રસંગથી જણાઈ આવે છે. વડતાલમાં એક વખતે સમૈયો હતો. શ્રીહરિનો ઉતારો રામપ્રતાપ ભાઈના બંગલામાં હતો. મહારાજે અમદાવાદના દામોદરભાઈને બહાર ઊભા રાખેલા. કોઈને અંદર આવવા દેશો નહિ, જેનો થાળ હોય તેને અંદર આવવા દેવા બીજા કોઈને નહિ. એવામાં ગામ મઉના ભુખણ ભાવસારના દીકરા મંછારામને તુલસીરામ પૂજાપો લઈને શ્રીહરિની પૂજા કરવા આવ્યા. જેરામ બ્રહ્મચારી પણ સાથે હતા. દામોદરે આ ત્રણેને રોક્યા. નહિ જવાય બ્રહ્મચારી કહે કેમ નહિ જવાય હું મહારાજનો અંગત સેવક છું તું ના પાડનાર કોણ ? દામોદર કહે મહારાજે ના પાડી છે તમારો થાળ નથી માટે માથાકૂટ કરોમા. અરે શું નથી આનો થાળ છે ને રસોઈ પણ છે માટે જવા દે, ના નહિ જવા દઉં. આમ બોલાચાલી થતાં બંને બાથોબાથ આવી ગયા. બ્રહ્મચારી બળવાન હતા. દામોદરને પછાડી ઉપર ચડી બેઠા મહારાજે આ જોયું ને દાંત કાઢ્યા. બ્રહ્મચારી ગુસ્સે થઈને બોલ્યા મહારાજ તો એક રૂપિયા વાળાને પૂજા કરવા દે તમે તો બસો રૂપિયા આપ્યા છે તેની કોઈ કિંમત નથી હાલો પાછા. બ્રહ્મચારી જતા રહ્યા. મહારાજે બીજે દિવસે બ્રહ્મચારીને બોલાવીને પૂછ્યું પૂર્વાશ્રમમાં તમારા

પાડોશી કોણ હતા ? આવો ગુસ્સો ક્યાંથી આવ્યો એ અમારે જાણવું છે. અને મહારાજે દામોદરને ઠપકો આપતા કહ્યું ગુસ્સામાં આવીને બ્રહ્મચારી આપઘાત કરશે તો તને બ્રહ્મહત્યાનું પાપ લાગશે માટે બ્રહ્મચારીની તું માફી માગી લે. પછી બંનેને ભેગા કરી સમાધાન કરાવ્યું. ને બંનેને જાહેરમાં ભેટાડ્યા. હવે રીસ રાખશો નહિ જે થયું તે ભૂલી જાવ. શ્રીહરિના વસ્ત્રો ધોવાની સેવા આ બ્રહ્મચારી જ કરતા. મહારાજને કયે સમયે કેવાં વસ્ત્રો પહેરાવવા એ બ્રહ્મચારી નક્કી કરતા.

શ્રીહરિએ જેરામ બ્રહ્મચારીનું નિષ્કામ વ્રત ખૂબ વખાણ્યું છે. સ્વપ્નમાં પણ ભટ્ટજીને સ્ત્રીનો ઘાટ ન થતો. શ્રીહરિ એક વખતે પંચાળામાં ઝીણાભાઈના દરબારમાં હતા. મહારાજના દર્શન માટે કેટલાક સંતો ગઢપુરથી રવાના થયા. વચ્ચે લોયા ગામે વાસુદેવાનંદ બ્રહ્મચારીને તાવ આવ્યોને અછબડા થયા. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું આ વાસુદેવાનંદની સેવામાં કોણ રોકાશે. જે સેવા કરશે તેની ૧૦૦ જન્મની કસર હું મટાડીશ. આ સાંભળી તરત જેરામ બ્રહ્મચારી ઊભા થયા. હું સેવા કરીશ. તેઓ સેવામાં લાગી ગયા. ટૂંક સમયમાં વાસુદેવાનંદ સાજા થઈ ગયા.

એક વખતે શ્રીહરિએ વડતાલમાં સમૈયો કરેલો. શ્રીહરિએ જેરામ બ્રહ્મચારી ને આજ્ઞા કરેલી કે પંચમહાલ જિલ્લામાં ફરજો ને સત્સંગ કરાવજો. બ્રહ્મચારી ઘોડાસર જાલમસિંહ દરબારને મળી વડતાલ જતા હતા. રસ્તે એક ખાખરાનું ઝાડ જોયું. તે વા નહિ વંટોળ નહિ અને ડોલવા લાગ્યું. ખાખરાને મુમુક્ષુ જાણી બ્રહ્મચારીએ પાણી છાંટી વર્તમાન ધરાવ્યાં. ત્યાં એક ઘટના ઘટી. ખાખરાનાં બધા ફુલ ખરી પડ્યાં. બધાં ફુલો બ્રહ્મચારીએ લઈ લીધાં. વડતાલ લઈ જઈ તેનો રંગ બનાવ્યો ને શ્રીહરિ પર તેનાં છાંટણાં કર્યાં. ને પૂછ્યું મહારાજ આ ખાખરો કોણ હશે. જે તમારા યોગમાં આવ્યો. શ્રીહરિ કહે એ પૂર્વે મોટો તપસ્વી હતો. તેણે અભિમાનમા આવી એક ઋષિનું અપમાન કરેલું. તેના શ્રાપથી તે ખાખરાના દેહને પામ્યો છે. પછી કહ્યું ખાખરાના દેહે પ્રગટના સંત મળશે. જે વર્તમાન ધરાવી તારો ઉધ્ધાર કરશે. જડ જેવા જીવને બ્રહ્મચારી મળ્યા તો બેડો પાર થઈ ગયો. પ્રગટનો સંબંધ જેને થાય તેનો ઉધ્ધાર થઈ જાય છે. પ્રગટ પ્રભુ જે ઝાડ નીચે બેસે. જેના ઘરનું પાણી પીએ જે ગાય કે ભેંસનું દૂધ પીએ જેનું અન્ન જમે એ સર્વેનું જરૂર કલ્યાણ થાય છે. આવો પ્રગટનો પ્રતાપ છે. પરંતુ પ્રગટને ઓળખવા મુશ્કેલ છે.

એક વાર મહારાજે વડતાલમાં સમૈયો કરેલો. તેનું સિધુ સમાન લેવાનું કામ જેરામ બ્રહ્મચારીને સોંપેલું. બ્રહ્મચારી એક ખેડૂતનું ગાડું લઈને પ્રાંતિજ ઘી લેવા ગયેલા. બ્રહ્મચારીની બહેન આ ગામે હતી. તેણે પોતાના ભાઈ જેરામને ને ખેડૂતને પોતાના ઘેર જમવા બોલાવ્યા હતા. જમી રહ્યા પછી બહેને મર્મ ભર્યાં વેણ કહ્યા. આ જેરામ સાધુ થયો તોય કોઈકનાં ગાડાં ફેરવે છે. આ સાંભળી બ્રહ્મચારી ગુસ્સે થયા ને બહેનને કહે અમે અમારું પેટ ભરવા આ ખરીદી કરવા નથી નીકળ્યા. પ્રગટ શ્રીહરિની આજ્ઞાથી આ કામ કરવા નીકળ્યા છીએ. શ્રીહરિ અને તેના ભક્તોની રીત જુદી હોય છે તે તમે શું જાણો.

મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતી છે ન્યારી,
તેને દેહ દર્શિ દેખે પોતા જેવા સંસારી.

જ્યારે મહારાજે અમદાવાદમાં શિખર મંદિરનું કામ શરૂ થયું તે કામમાં આનંદાનંદ સ્વામીની સાથે જેરામ બ્રહ્મચારીને પણ રાખેલા. તેણે મહારાજની આજ્ઞા પ્રમાણે ખૂબ સેવા કરી. શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા સમયે શ્રીહરિએ કાંકરીએ બ્રાહ્મણોની ચોરાસી કરેલી. ત્યાં ઘણા ભક્તો શ્રીહરિની પૂજા કરવા આવતા. ત્યારે મહારાજે બ્રહ્મચારીને પોતા પાસે રાખેલા. વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા વખતે બ્રહ્માનંદ સ્વામીની ઈચ્છા હતી સર્વે ભક્તો શ્રીહરિની પૂજા કરે. ત્યારે પણ મહારાજે જેરામ બ્રહ્મચારીને પોતા પાસે રાખેલા. શ્રીહરિ જ્યારે થાળ જમતા ત્યારે જેરામ

બ્રહ્મચારી પોતે રચેલો થાળ ઉચ્ચા સાદે ગાતા જે સંપ્રદાયમાં ખૂબ પ્રસિધ્ધ છે.

"આવજો છોગલાં ધારી,
મારે ઘેર આવજો છોગલાં ધારી,
લાડુ જલેબીને સેવ સુવાળી,
હું તો ભાવે કરી લાવી છું ભારી...
મારે ઘેર આવજો."

એક વખત મહારાજ ગઢપુર બિરાજમાન હતા. કરમડ ગામના ભક્તજનો આવ્યાને વિનંતી કરી કે અમારે ગામ પધારોને ઉત્સવ કરો. શ્રીહરિએ હા પાડી જાવ, તૈયારી કરો. અને આ જેરામ બ્રહ્મચારીને સાથે લઈ જાવ. બધી તૈયારી તેમને પૂછીને કરજો. આ રીતે દિવાળી ઉપર આ ગામે સામૈયો થયો ને અન્નકૂટ ઉત્સવ પણ થયો. રસોડા તેમજ ઉતારાની વ્યવસ્થા જાતે નિહાળી શ્રીહરિએ બ્રહ્મચારીની ખૂબ પ્રશંસા કરેલી. બ્રહ્મચારી રસોઈ બનાવવાના કારીગર હતા. શ્રીહરિ ધામમાં ગયા પછી છ મહિના સુધી રસોઈની જવાબદારી જેરામ બ્રહ્મચારીએ કરેલી. રાત-દિવસ મહેનત કરતાં બ્રહ્મચારી બિમાર થઈ ગયા. શ્રીહરિને પ્રાર્થના કરી મને તેડી જાવ. ૧૮૮૭ની સાલમાં બ્રહ્મચારી ધામમાં ગયા.

# અરે ભાઈ ! તમે સુખેથી જીવો અને અમને પણ જીવવા દો

- રમણ ગજ્જર, અમદાવાદ

ક્ષણિક સ્વાર્થ માટે પણ આજે માણસ - માણસની હિંસા કરતાં અટકાતો નથી, એવા અશુભ સમાચારો રોજેરોજ આપણને વર્તમાન પત્રોમાં વાંચવા મળે છે. અને હૃદય દ્રવિત થઈ જાય છે.

પણ એ લોકોને ખબર નથી કે, "એકમાત્ર અહિંસા જ પરમ સુખદાયિની છે." એમ મહાભારત કહે છે. વળી આપણને યજુર્વેદે પણ શીખવ્યું છે કે, "તું તારા શરીરથી કોઈને પીડા ન કર." માટે વ્યક્તિનું રોજિંદુ જીવન જ એવું હોવું જોઈએ કે તેનાથી સમગ્ર દિવસ દરમ્યાન મન, વચન અને કર્મથી કોઈની પણ હિંસા ન થવી જોઈએ. કારણ કે અહિંસા એ જ પરમ ધર્મ છે. એમ શિક્ષાપત્રી આપણને શીખવે છે.

બીજાઓને ખતમ કરીને કોઈ પણ આજ દિ લગી સુખી થયું નથી. અત્યારે પણ સુખી થતાં નથી અને ભવિષ્યમાં પણ સુખી થવાના નથી જ.

સમરસ સમાજની રચનામાં હિંસાને કોઈ જ સ્થાન નથી. અરે કોઈ પત્રકાર, લેખક, સાહિત્યકારે પણ પોતાની વ્યક્તિગત મર્યાદા, જવાબદારી સમજીને હિંસાને ઊભી કરે તેવા લખાણ લખવા જોઈએ નહિં. તેમજ સમાજના આગેવાનો અને રાજકીય ક્ષેત્રમાં પડેલી હસ્તીઓએ પણ લોક લાગણીને ભડકાવે તેવા ભાષણો કરવાથી દૂર રહેવું જોઈએ.

સર્વના નિયંતા, કર્તાહર્તા અને સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણે પણ આપણને શિક્ષાપત્રીમાં આજ્ઞાઓ કરી છે કે, "સત્સંગીઓએ પ્રાણીમાત્રની હિંસા ન કરવી. જાણીને ઝીણા જીવો માંકડ, ચાંચડ, જૂ વિગેરેની પણ હિંસા ન કરવી. જે દેવતાઓને માંસનું નૈવેધ ધરાવવામાં આવે તે નૈવેધ પણ ખાવું જોઈએ નહિં. વળી પાણી-દૂધને પણ ગાળીને વાપરવા જોઈએ તથા જેમાં ઝીણા જીવ હોય તેવા, જળથી સ્નાન પણ કરવું જોઈએ નહિં."

સર્વજીવ હિતાવહ શિક્ષાપત્રી તો શ્રીહરિનું વાણીસ્વરૂપ છે. તેના એક એક વચનોમાં જીવન જીવવાની કળાના પાઠ આલેખાયેલા છે. તેથી સત્સંગીઓએ બીજે ક્યાંય તે શીખવા જવાની જરૂર નથી જ.

જેવું આપણને સુખરૂપ જીવવું છે તેવું બધા જ જીવજંતુ, પ્રાણીમાત્ર અને માનવીને પણ જીવવું છે. જો આપણે બીજાઓને જીવન આપવા સક્ષમ નથી તો પછી આપણને બીજાઓનું જીવન ખતમ કરવાનો કોઈ જ અધિકાર નથી...નથી... ને નથી જ.

# મારો દીકરો એ તમારો દીકરો છે

- પિંડોરીયા ભારતી અરવિંદ, સરલી

ગામ કુંડલામાં એક મુસલમાન બહેન રહેતા હતા. તેમનો એક દીકરો હતો. વ્યવહારે સ્થિતિ નબળી હતી. મુસલમાન હતા પણ અભક્ષ વસ્તુ કોઈ દિવસ ખાતા નહિ. હંમેશાં સારી વાણીથી સૌને બોલાવે. હર હંમેશાં દીકરાને ભલામણ કરે બેટા, ન્યાયની રીતિથી રહીએ તો જીવનમાં શાંતિ રહે છે. દરરોજ ખુદાની બંદગી કરીએ.

દીકરાને વિચાર આવ્યો નોકરી મળી જાય તો સારું થાય. મા-બાપને પગે લાગી નોકરીની શોધ કરવા નીકળો ગયો. ફરતો ફરતો ગઢપુર આવ્યો. શ્રીસ્વામિનારાયણ ભગવાન દાદાખાચરના દરબારમાં ઢોલીયા ઉપર વિરાજમાન હતા, શ્વેત વસ્ત્રો ધારણ કર્યા છે. શ્રીહરિના મુખારવિંદ આગળ સંતો તથા હરિભક્તો બેઠા છે. સંતો-ભક્તો મહારાજને એક નજરથી જોઈ રહ્યા છે.

યુવાન મુસ્લિમ દરબારમાં આવ્યો. સાદા વસ્ત્રો પહેર્યા છે. દૂરથી પ્રભુને નમસ્કાર કરી સભાની પાછળના ભાગમાં બેસી ગયો. નિત્યાનંદ સ્વામી કથા વાંચતા હતા. એકાગ્રતાથી આ યુવાન કથા સાંભળે છે. કથાનો કાર્યક્રમ પૂરો થયો. શ્રીજી મહારાજે યુવાનને પાસે બોલાવ્યો. યુવાન હાથ જોડીને ઊભો છે. મહારાજે પૂછ્યું, આપ ક્યાંથી આવો છો ? હું કુંડલા ગામથી આવું છું. તમારું નામ શું છે ? મારું નામ મિયાજી છે. જાતના અમે મુસલમાન છીએ. બહુ સારું ! કાંઈ કામ હતું ? હું નોકરી શોધવા જાઉં છું. મેં સાંભળ્યું છે કે ગઢપુરમાં દાદાખાચરને માણસની જરૂર છે. મને નોકરીમાં રાખશો તો રહીશ.

મહારાજ કહે, શું કામ આવડે છે ? ઘોડાની અને ગાયોની સેવા કરીશ. વાસીદું વાળીશ. ઘાસ ચારો લેવા જઈશ. જે કામ બતાવશો તે કરીશ. ત્રણ ટાઈમ જમવાનું અને બે વસ્ત્રો આપશો તો પણ ચાલશે. પ્રભુએ કહ્યું, ભલે, અહીં રહો અને ઘોડાની અને ગાયોની સેવા કરો. અને મિયાજી ગઢપુરમાં રહ્યા.

જલદી જલદી કામકાજ કરીને દરરોજ કથા સાંભળવા આવી જાય. ધીરે ધીરે સત્સંગના રંગથી મિયાજીનું હૃદય ભક્તિથી રંગાઈ ગયું. નિર્માની થઈને ખૂબ સેવા કરે. સંત સમાગમ કરવાથી સદ્‌ગુણો આવ્યા. સંસાર અસાર જણાવાથી વૈરાગ્ય ઉત્પન્ન થયો.

સમય જતા શુભ સંસ્કાર જાગ્રત થયા. મિયાજી બે હાથ જોડી પ્રભુને કહે છે, હે પ્રભુ ! મને સદાય તમારા ચરણોમાં રાખો, ફકીર બનાવો. હવે આવો સત્સંગ મૂકીને મારે ઘેર જાવું નથી. કાયમ તમારી અને સંતોની સેવામાં રહેવું છે. પ્રભુએ પૂછ્યું, તમને તમારા મા-બાપ યાદ નથી આવતા ? હે મહારાજ સાચા મા-બાપ તમે છો. તમારા દર્શન થવાથી મારા અંતરમાં શાંતિ થઈ છે. આવું અલૌકિક સુખ મૂકીને મારે ઘેર નથી જાઉં. ભગતની નિખાલસતા જોઈને શ્રીજી મહારાજે કહ્યું, અમારા અંગરક્ષક તરીકે પાર્ષદ થઈને રહો અને સેવા કરો.

મહારાજની કૃપાથી મિયાજીના ઉત્તમ ગુણો વધતા ગયા. મહારાજ દેશ-દેશાંતરમાં ફરવા જાય ત્યારે મિયાજી સાથે જ હોય. પ્રભુ માટે બાવળના દાંતણ લઈ આવે. પ્રભુના વસ્ત્રો ધોવે. પ્રભુની પાછળ છત્ર લઈને ઊભા રહે. ખૂબ સેવા કરે.

સમય જતાં મહારાજ સંતો ભક્તોની સાથે કુંડલા પધાર્યા. નાવલી નદીના કિનારે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સામે અનેક સંતો ભક્તજનો બેઠા છે. ગામમાં ખબર પડી કે શ્રીહરિ પધાર્યા છે. ગામના માણસો દોડી દોડીને દર્શન કરવા આવ્યા. નીરખી નીરખીને દર્શન કરે. આહાહા ! આવા રૂપાડાને તેજસ્વી મૂર્તિ સ્વામિનારાયણ છે ! ભાલમાં તેજ તો જુઓ ! અણિયારા નેત્રો કરૂણાભર્યા દેખાય છે. જાણે જોયા જ કરીએ. આખી સભા ભરાઈ ગઈ. મીયાજીના મા લાકડીના ટેકે ટેકે મહારાજ પાસે આવ્યા. મહારાજ કહ્યું, માર્ગ કરો ! વૃધ્ધ માજીને જગ્યા આપો. માજી દૂરથી પ્રભુને પગે લાગ્યા.

શ્રીજી મહારાજે પૂછ્યું, તમે પાર્ષદ મિયાજીના મા છો ને ? હા, મહારાજ ! મિયાજીની મા છું. મારો દીકરો મિયાજી ક્યાં છે ? ઘણા દિવસો થયા મને મળ્યો નથી. પ્રભુએ કહ્યું, અમારી પાછળ પાર્ષદના વેશમાં શ્વેત વસ્ત્રો પહેર્યા છે. છત્ર ઝાલીને ઊભા છે તે મિયાજી છે. અરે સ્વામિનારાયણ ! તમે મારા દીકરાને ફકીર બનાવી દીધો ? હવે મારી વૃધ્ધાવસ્થામાં સેવા ચાકરી કોણ કરશે ? અમારી આજીવિકા કેમ ચાલશે ? મારો દીકરો એજ મારો આધાર છે. કમાઈને અમને કોણ ખવડાવશે ?

શ્રીહરિએ કહ્યું તમને મિયાજીનું કામ છે કે આજીવિકાનું કામ છે ? મને આજીવિકાનું અને મિયાજીનું બેયનું કામ છે. પણ આપ સાક્ષાત્ ખુદા છો ને મિયાજી આખી જિંદગી તમારી બંદગી કરતો હોય તો હું રાજી છું. મારો દીકરો એ તમારો જ દીકરો છે ને ! ભલે તમારી સેવામાં રહે. આવી ઉદારતા જોઈ પ્રભુએ એક ભક્તને કહ્યું. તમે બજારમાંથી એક નાની ખાંડણી અને એક દસ્તો લઈ આવો. તુરંત ભક્ત લઈ આવ્યા. પ્રભુએ વૃધ્ધ માજીને કહ્યું માજી, લ્યો આ ખાંડણી, હરડી, બેડા અને આમળા આ ત્રણ વસ્તુ ખાંડણીમાં ખાંડજો, ઝીણો પાવડર બનાવી, પડીકી વાળીને જે બિમાર હોય તેને આપજો.

આશીર્વાદ આપીએ છીએ, સુખેથી તમારી આજીવિકા ચાલશે. તમામ પ્રકારના રોગ આ ઔષધથી મટી જશે. સાથોસાથ ભવસાગરનો રોગ પણ મટી જશે. આરામ થઈ જશે. થોડા દિવસ માજી ગઢપુરમાં રહ્યા. પછી ઘેર આવ્યા. ઔષધ તૈયાર કર્યું. બીમાર માણસો આવે તેને પડીકી આપે. એક પૈસાની એક પડીકી ઔષધ ખાય તેને તુરંત આરામ થઈ જાય. આખા ગામમાં આ વાત પ્રસરી ગઈ. માંદા માણસોનો મેળો ભરાય. ભયંકર રોગ પણ મટી જાય. માજી શ્રીજી મહારાજનો મહિમા કેતા જાય અને મિયાજીને યાદ કરતા જાય. દવાની પડીકી આપતા જાય.

હજારો માણસો દવા લેવા આવે તેથી બે નોકર રાખ્યા દવા તૈયાર કરી આપે. લીલા લહેર થઈ ગઈ. પૈસાના ઢગલા થયા. શ્રીજી મહારાજ ફરીથી કુંડલા ગામમાં પધાર્યા. સભામાં વિરાજમાન છે. અને ભક્તજનો બેઠા છે. મિયાજીની મા દોડતા આવ્યા. પગે લાગીને બેઠા. પ્રભુએ પૂછ્યું માજી, કેમ છો ? હે પ્રભુ ! તમારી કૃપાથી લીલા લહેર છે. તમારી દવાથી બધા માણસો સાજા થઈ જાય છે. નોકર કામ કરે છે. હું બેઠી બેઠી દવાની પડીકી આપતી જાઉંને પૈસા લેતી જાઉંને તમારા ગુણ ગાતી જાઉં. મહિમા સમજાવું, સત્સંગ કરાવું, ખૂબ આનંદ છે.

મહારાજે કહ્યું, તમારે શરીરે કેમ છે ? હે મહારાજ, તમારા આશીર્વાદથી પહેલા લાકડીના ટેકે ચાલતી હતી. હવે તો ઘોડાની જેમ દોડું છું. આંખ, માંથુ, કમર કે પગ કાંઈ દુઃખતું નથી. સાવ સાજી નવરી ફરું છું. મંદમંદ હસતા પ્રભુ બોલ્યા મા, તમારો દીકરો મિયાજી અમારી ખૂબ સેવા કરે છે. તેથી અમે ખૂબ રાજી છીએ. વરદાન આપું છું કે,

“જીવશો ત્યાં સુધી મોતી પુરવશો. એવો પ્રકાશ તમારી આંખમાં રહેશે.”

કાંઈ વાતની ખામી રહેશે નહી. અમારા સ્વરૂપનું ધ્યાન ભજન કરજો. અંતકાળે અમે તમને અમારા ધામમાં તેડી જાશું. માજીનું જીવન ધન્ય બની ગયું. આ છે દીકરાનાં દાન દેવાનો અને સેવાનો પ્રતાપ. પ્રભુની એક ટેવ છે, આશરે આવે તેનો ઉધ્ધાર કરવો.

## :: અક્ષરવાસ ::

ગામ નારણપરના પ.ભ. દેવજીભાઈ કાનજી વેકરીયા ઉ.વ. ૮૨. તા. ૪-૪-૨૦૧૬ ફાગણ વદ ૧૧ના શ્રીજીનું સ્મરણ કરતાં અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અક્ષરનિવાસી આત્માને પોતાના ચરણકમળનું સુખ આપે એજ પ્રાર્થના.

ગામ રામપર-વેકરાના પ.ભ. લાલજીભાઈ કરસન વેકરીયા ઉ.વ. ૯૩ વર્ષ તા. ૧૮-૩-૨૦૧૬ ફાગણ સુદ ૧૦ના શ્રીજીનું સ્મરણ કરતાં શ્રીજી ચરણ પામ્યા છે. પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન અક્ષરનિવાસી આત્માને પોતાના ચરણકમળનું સુખ આપે એજ પ્રાર્થના.

# મા....તે....મા

સાક્ષી અરવિંદકુમાર, સુરત

"મા" તે મા બીજા વગડાના વા.

ગોળ વિના મોળો કંસાર, 'મા' વિના સુનો સંસાર.

જનની જોડ સખી નહિ જડે રે લોલ!

મા ને વંદન કરી 'મા'ના વિશે વાત કરીએ. આપણે ફૂલને સ્પર્શી કરીએ. તેની ફોરમને નહિ, આપણે પંખીને સ્પર્શી શકીએ, તેના ટહુકાને નહિ. અનુભૂતિની બાબતો છે. તો તમે લાગણીને સ્પર્શી શકો ખરા ? વાત્સલ્યનો સ્પર્શ શક્ય છે ? કરુણાને, આશીર્વાદને, મમતાને અડવાનું શક્ય ખરું ? તમે "ના" કહેશો. પરંતુ લાગણીને, વાત્સલ્યને, આશીર્વાદને કે કરુણાને જરૂર સ્પર્શી શકાય છે કેવી રીતે ? બિલકુલ સરળ છે. 'મા'ના ચરણનો સ્પર્શ કરી લ્યો, તમે મમતાની સ્પર્શાનુભૂતિ પામશો.

માતાનો દરજ્જો જગતમાં સૌથી ઊંચો છે. માતા પોતાના સંતાન માટે બધુ જ કરી છૂટે છે. બાળકમાં સંસ્કારનું સિંચન કરવામાં માનો ફાળો વધારે હોય છે. ગાંધીજી, શિવાજી, તિલક વગેરે મહાપુરુષોના જીવનઘડતરમાં માનો ફાળો વિશેષ રહેલો હતો. આથી જ કહેવાય છે કે,

'એક સંસ્કારી માતા સો શિક્ષકોની ગરજ સારે છે.'

માતાનો પ્રેમ નિઃસ્વાર્થ હોય છે. તે પોતાના સંતાન પાસે કોઈ અપેક્ષા રાખતી નથી. તેના અંતરમાં એક જ અભિલાષા હોય છે કે, 'મારું બાળક સુખી થાય.' પોતાના બાળકની સુખાકારી માટે તે ગમે તેવા દુઃખો સહન કરવા પણ તૈયાર હોય છે. પોતાનું સંતાન કદરૂપું હોય, ખોડખાંપણવાળું હોય, મંદબુદ્ધિનું હોય પણ તેથી માતાના પ્રેમમાં ખોટ આવતી નથી. કેટલીક વાર તો આવા બાળક માટે માતાપિતાને વધારે લાગણી હોય છે.

મમતાને કાયા મળતા જે મીઠી માયા રચાય, તે જ મા ...! આવી મા વિશે કંઈ કહી ન શકાય. કારણ કે મા એ 'મા' છે. ગંગાની લહેરોનું માપ શક્ય નથી. અનહદને સરહદ ન હોય.

મા એટલે ઈશ્વરની ઈચ્છા, મા સન્નારી, મહાનારી છે. મા કેવળ વ્યક્તિ નથી, બલ્કે અભિવ્યક્તિ છે. માનું કાર્યક્ષેત્ર પણ અસીમ છે. મા કુદરતી છે. તળાવ બાંધી શકાય, ડેમ બાંધી શકાય પણ નદીનું સર્જન શક્ય નથી. નદી સ્વયંભૂ છે. તેમ મા પણ પ્રકૃતિનું સર્જન કરે છે. મા અનાદિ, અનંત છે.

સંસારની બે કરુણતા છે મા વિનાનું ઘર અને ઘર વિનાની મા.

ભગવાન રામે માતા અને માતૃભૂમિનું મહત્ત્વ સમજાવતાં લક્ષ્મણને કહ્યું હતું : 'મને સોનાની નગરી લંકા કરતાં અયોધ્યાની ધૂળ વધુ ગમે છે. મને ઈન્દ્રાસન (સ્વર્ગ)ના વૈભવ કરતાં માતા કૌશલ્યાનો ખોળો વધુ વહાલો છે.'

જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતાં છે. જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસિ.

'Home is not Home, without Mum.'

उपर जीसका अंत नहि, उसे आसमा कहते है; ।
जमी पर जीसका अंत नहि, उसको मा कहते है; ॥
उजाला चाहते है जिनके, घर शमा नहि होती ।
उन्हे मा की तलब होती है, जिनकी मा नहि होती ॥

તેથી જ કહેવતમાં નહિ, વાસ્તવમાં સમાયો સાગર ગાગરમાં, વેદ ઉપનિષદ સમાયા એક જ મા અક્ષરમાં ! માટે કહી શકીએ કે સ્નેહનું માદરેવતન મા છે. મા તને ધન્ય છે. મા તને પ્રણામ.

# શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે પધરાવેલા શ્રીનરનારાયણદેવનો ૧૯૩મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાશે સાથે શ્રીનરનારાયણદેવને હીરાજડિત મુકુટ અર્પણ વિધિ થશે

## તા. ૭ થી ૧૧ મે ૨૦૧૬ વૈશાખ સુદ ૧ થી ૫ ૨૦૭૨ સુધી નીચે પ્રમાણે કાર્યક્રમ રહેશે.

### વિરાટ યુવા સત્સંગ સંમેલન

તા. ૬-૫-૨૦૧૬, શુક્રવાર સવારે ૯ થી ૫
દરમ્યાન કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોનું સત્સંગ સંમેલન.

### પોથીયાત્રા

ચૈત્ર વદ અમાસ તા. ૬-૫-૨૦૧૬, શુક્રવાર
બપોરપછી ૪ વાગે પ્રસાદી મંદિરેથી

### દીપ પ્રાગટ્ય

વૈશાખ સુદ ૧ તા. ૭-૫-૨૦૧૬ શનિવાર,
સવારે ૮:૩૦ કલાકે
મહંત સ્વામી આદિ વડીલ સંતો તથા યજમાન પરિવારના હસ્તે

### શ્રી ઘનશ્યામ જન્મોત્સવ

વૈશાખ સુદ ૨ તા. ૮-૫-૨૦૧૬ રવિવાર

### કથા સમય

સવારે ૮:૩૦ થી ૧૦:૩૦, સાંજે ૪:૦૦ થી ૬:૩૦

### ભવ્ય રાસોત્સવ

વૈશાખ સુદ ૨ તા. ૮-૫-૨૦૧૬ સોમવાર, રાત્રે ૮:૩૦ કલાકે
ઓરકેષ્ટ્રા સાથે ભવ્ય રાસોત્સવ કચ્છ શ્રીનરનારાયદેવ યુવક મંડળના યુવાનો દ્વારા

### નગરયાત્રા

વૈશાખ સુદ ૪ તા. ૧૦-૫-૨૦૧૬ મંગળવાર,
ભુજ ચોવિસીની ૨૪ ગામની મંડળીઓ સાથે ઠાકોરજીની નગરયાત્રા બપોરે ૩:૩૦ વાગ્યે

### હીરાજડિત મુકુટ અર્પણ

વૈશાખ સુદ ૪ તા. ૧૦-૫-૨૦૧૬ મંગળવાર સાંજે ૫:૩૦ કલાકે,
પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. મહંત સ્વામી આદિ વડીલ સંતો તેમજ યજમાનશ્રીના વરદ્ હસ્તે

### પંચામૃત મહાઅભિષેક

વૈશાખ સુદ ૫ તા. ૧૧-૫-૨૦૧૬
સવારે ૬:૦૦ કલાકે

### અન્નકૂટ દર્શન

વૈશાખ સુદ ૫ તા. ૧૧-૫-૨૦૧૬
સવારે ૯:૩૦ કલાકે

કથા સ્થળ : શ્રી નરનારાયણદેવ સભામંડપ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ-કચ્છ

**તા. ૭-૫-૨૦૧૬ થી તા. ૧૧-૫-૨૦૧૬ આ પાંચેય દિવસ કચ્છના સમસ્ત હરિભક્તોને સઘરી કથાવાર્તા તથા મહાપ્રસાદ લેવા નિમંત્રણ છે.**

# સત્સંગ સમાચાર–દેશ

## ૩૦૧ સમૂહ શ્રીમદ્ ભાગવત તથા નારાયણ યાગ સંપન્ન

ભુજ મંદિરમાં તા. ૯ થી ૧૪ એપ્રિલ ૨૦૧૬ સુધી પોતાના અક્ષરનિવાસી આત્માઓની પ્રસન્નતા માટે સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૯ ના રોજ પ્રસાદી મંદિરેથી ૩૦૧ પોથીઓનું પૂજન કરી વાજતે ગાજતે મોટા મંદિરે પોથીયાત્રા પહોંચી હતી. તા. ૭ ના સવારે કથા સ્થાપન તથા પૂજનના કાર્યક્રમબાદ વિદ્વાન વક્તાશ્રીઓ દ્વારા કથાનો શુભારંભ કરાયો હતો અને પૂ. મહંત સ્વામી આદિ વડીલ સંતો તથા મુખ્ય યજમાન તથા સહયજમાન સાથે રહી દીપપ્રાગટ્ય કરાયું હતું. ૨૫ સંતો ૩૫ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શ્રીમદ્ ભાગવતની મૌન પારાયણ કરવામાં આવી હતી. કથાન્તર્ગત શ્રીરામ જન્મ, શ્રીકૃષ્ણ જન્મ, રૂક્ષ્મણી વિવાહ જેવા વિશેષ ઉત્સવો ઉજવાયા હતા. આ પ્રસંગે અમદાવાદથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધારી સમગ્ર કથા રસિકોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

આ ઉત્સવનું મુખ્ય યજમાનપદ ભુજના અ.નિ. મુક્તાબેન ભવાનજી બાવા હ. મહેશ બાવા, ગિરીશભાઈ, પ્રદિપભાઈ, સંદિપભાઈ બાવા આદિ સપરિવાર રહ્યા હતા. સહયજમાનપદે ગામ ફોટડીના પ.ભ. પ્રેમજીભાઈ દેવરાજ હીરાણી પરિવાર રહ્યા હતા.

શ્રીકૃષ્ણ જન્મોત્સવના યજમાનપદે ગામ મીરજાપરના પ.ભ. અ.નિ. રામબાઈ હરજી વેલજી શીયાણી, હ. ભીખાલાલભાઈ હરજી શીયાણી, પુત્રો ધનસુખભાઈ, નિલેશભાઈ આદિ પરિવાર રહ્યા હતા. રૂક્ષ્મણીવિવાહના યજમાનપદે ઠાકોરજીના ભુજના રાજગોર અ.નિ. હરિલાલ ભવાનજી બાવા, હ. અરૂણાબેન, નિતેશભાઈ તથા વિનેશભાઈ સહપરિવાર રહ્યા હતા. રૂક્ષ્મણીજીના યજમાનપદે અ.નિ. રાજગોર સાવિત્રીબેન પ્રાણલાલ નારાણજી માકાણી, અ.નિ. નરેન્દ્રકુમાર, હ. દિપકભાઈ, પ્રતિકભાઈ સહપરિવાર રહ્યા હતા.

દરેક યજમાનોની પૂ. આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી દ્વારા પહેરામણી કરવામાં આવી હતી. અનેક ભક્તોએ ભુજ મંદિર દ્વારા દુષ્કાળમાં કચ્છના અછત વિસ્તારોમાં ગાયોને માટે ચારાની વ્યવસ્થા કરવામાં આવે છે એમાં સહયોગી બન્યા હતા.

શ્રીમદ્ ભાગવત પારાયણના ૩ વિદ્વાન વક્તાઓ રહ્યા હતા. શા. સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી પોતાની શૈલીમાં કથામૃત પાયું હતું. સંગીતમાં સહયોગ સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી તથા તબલચી સ્વામી કપિલમુનિદાસજી આપ્યો હતો.

સમગ્ર યજમાનો તથા આવેલ સૌ દેશવિદેશના ભક્તોને મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા અનેક વિદ્વાન સંતો ભલામણ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

સભા સંચાલન પુ. સ્વામી ઉત્તમચરણદાસજી તથા શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ્વામી શાંતિસ્વરૂપદાસજી આદિ સંતોના માર્ગદર્શન હેઠળ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળના ભક્તો ખૂબ જ સારું સુચારું સેવાનો લાભ લઈ શ્રીનરનારાયણદેવને રાજી કર્યા હતા.

આવું અદ્‌ભુત આયોજન ભુજ મંદિરમાં દર વર્ષે થાય છે અને દેશવિદેશથી પોતાના પરિવારજનો જે અક્ષરનિવાસી થયા હોય તેમની સ્મૃતિમાં કરતા હોય છે જે અત્યંત સામાન્ય વર્ગના લોકો માટે લાભદાયી થાય છે અને આવું દર વર્ષે થાય એવી અપેક્ષા સાથે છેલ્લે દિવસે પિતૃઓને ઉદ્દેશીને શ્રીનારાયણ યાગ કરી આ પ્રસંગને સમાપ્ત જાહેર કરવામાં આવ્યો હતો.

- કિશોરભાઈ પિંડોરીયા

## શ્રી રામનવમી તથા શ્રીહરિ જયંતી

સંવત ૨૦૭૨ ચૈત્ર સુદ ૯, તા. ૧૫-૪-૨૦૧૬ના રોજ શ્રીરામ તથા શ્રીહરિ જયંતીનો જન્મ મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો.

વહેલી સવારે મંગળા આરતીબાદ સ્વામિનારાયણ મહામંત્ર સાથે ભુજ શહેરમાં પ્રભાતફેરી ફરવામાં આવી હતી. ભુજ શહેરના ભક્તો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો, યુવતીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ પ્રસંગે મહામંત્રની ૧૨ કલાકની ધૂન્ય રાખવામાં આવી હતી. સવારે ૮ થી રાત્રે ૮ વાગ્યા સુધીના ભજનમાં યુવાનો, બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

બપોરે ૧૨ વાગ્યે ભગવાન શ્રી રામના જન્મ મહોત્સવની પૂ. મહંત સ્વામીએ આરતી કરી હતી.

આજના દિવસે શ્રીઠાકોરજીને વિશેષ વસ્ત્રાલંકારો ધરાવવામાં આવ્યા હતા. રાત્રે ૧૦ વાગ્યે શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવની મહાઆરતી સાથે પૂ. મહંત સ્વામીએ આરતી કરી હતી.

પ્રાગટ્ય ઉત્સવના યજમાન પ.ભ. માવજીભાઈ રામજી પાંચાણી, ગામ દહીંસરા હાલે યુ.કે. રહ્યા હતા. ગામ કુંભારીયા હાલ પુના અ.નિ. પ્રભુલાલભાઈ મનજીભાઈ ચૌહાણ, ગ.સ્વ. પુષ્પાવતીબેન પ્રભુલાલ ચૌહાણ હ. ગજેન્દ્રભાઈ, રાજેન્દ્રભાઈ તથા કનકભાઈ આદિ પરિવાર મહાઆરતીના યજમાન બન્યા હતા. મોટી સંખ્યામાં શહેરના તથા ગામડાના હરિભક્તો આ પ્રાગટ્ય ઉત્સવમાં સામેલ થઈ ‘‘ધર્મ ઘેરા નંદ ભયો, જય બોલો ઘનશ્યામની’’ ના નારાથી મંદિર પરિસર ગૂંજી ઉઠ્યું હતું. અને સુવર્ણ પારણીયે ઝુલતા શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરી પંચામૃત તથા પંચાજીરીનો પ્રસાદ લઈ સૌ વિખેરાયા હતા.

- કોઠારી પાર્ષદ દિનેશ ભગત

## ચૈત્ર સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

● પ.ભ. જશુબેન રામજી શામજી હાલાઈ સર્વે દેવોના શિખર પરની ધજાના યજમાન, કુંદનપર ● પ.ભ. અ.નિ. મિતભાઈ ધનસુખ વેકરીયા(પટેલ) હ. ભાઈ ધ્રુવ ધનસુખ,વશીલ પ્રવીણ,સુખપર ● પ.ભ. એક હરિભક્ત તરફથી હ. નમન પરબત વરસાણી, લંડન ● પ.ભ. કાનબાઈ દેવજી રામજી મેઘાણી, બળદીયા ● પ.ભ. અ.નિ. ધનજીભાઈ રામજી રાબડીયા હ. રાધાબેન, વાડાસર હાલે લંડન ● પ.ભ. કાનબાઈ શામજી હીરાણી, માનકુવા ● પ.ભ. શિલ્પાબેન હરીશ ગોવિંદ હાલાઈ, મેઘપર ● પ.ભ. અનસુયાબેન પરબતભાઈ બારોડીયા, સલારી ● પ.ભ. ઘનશ્યામભાઈ માવજી ટપરીયા ધ.પ. મંજુબેન, કેરા ● પ.ભ. વેલજીભાઈ પ્રેમજી પુંજાણી(વરસાણી) ધ.પ. સામુબેન, પુત્રી મનિષા, માનકુવા ભક્તિનગર ● પ.ભ. પ્રકાશભાઈ હરજી ગોરસીયા, સુખપર ● પ.ભ. ક્રિષ્નાબેન દિનેશ ગોરસીયાના જન્મદિવસ નિમિત્તે હ. દિનેશ ભીમજી ગોરસીયા, સુખપર ● પ.ભ. કરસનભાઈ કાનજી રાઘવાણી સુપુત્ર ઋષિકુમારના શુભ લગ્ન પ્રસંગે, બળદીયા હાલે અમદાવાદ ●પ.ભ. નાથાભાઈ ખીમજી, હ. સાં.યો. નીતાબેન, કેરા ● પ.ભ. કુ.મયુરીબેન પ્રેમજી હીરાણી હ. પ્રેમજી લાલજી હીરાણી, રામપર હાલે વુલ્વીચ ● પ.ભ. હરીશભાઈ કરસન ભુવા, સુખપર ● પ.ભ. મેહુલભાઈ મુકેશ હાલાઈ, જશવીન મુકેશ, સુરજપર હાલે પર્થ ●પ.ભ. દિનાબેન મુકેશ વેકરીયા, બળદીયા ●પ.ભ. સતુબાઈ અરજણ કેરાઈ, રામપર ● પ.ભ. હીરબાઈ દેવશી ગોરસીયા હ. સાં.યો. શામબાઈ ફઈ, સુખપર ● પ.ભ. ગોવિંદભાઈ રામજી ભુડીયા, માધાપર ● પ.ભ. ગોવિંદભાઈ લક્ષ્મણ કેરાઈ ધ.પ. રામબાઈ, નારણપર ● પ.ભ. રમેશભાઈ શીવજી પટેલ, સુરજપર હાલે શીસલ્સ ● પ.ભ. રૂપેશભાઈ હરજી ગોરસીયા, ભક્તિનગર ● પ.ભ. વનિતાબેન રામજી રાબડીયા, મીરજાપર ● પ.ભ. ધનજીભાઈ વેલજી પિંડોરીયા હ. અમરબાઈ, સુરજપર ● પ.ભ. જીતેશભાઈ ભીમજી તથા મુકેશ ભીમજી દબાસીયા, માનકુવા ● પ.ભ. રામજીભાઈ પ્રેમજી રાબડીયા, ગોડપર ● પ.ભ. શીલાબેન નારણ પિંડોરીયા, લંડન ● પ.ભ. ધનસુખલાલ નારણ વેકરીયા, બળદીયા હાલે બોલ્ટન ● પ.ભ. દેવેશભાઈ ધનજી મેપાણી હ. સ્વામી નારાયણમુનિદાસજી, બળદીયા હાલે લંડન ●

સાં.યો. પ્રેમબાઈ ધનજી આસાણી હ. સાં.યો. નાનબાઈ (કેરા), વેકરા ● પ.ભ. લાલજીભાઈ વાલજી રાબડીયા, સરલી ● પ.ભ. સુરેશભાઈ લાલજી છભાડીયા સહપરિવાર, રામપર ● પ.ભ. દિપકભાઈ ખીમજી હીરાણી, માધાપર ● પ.ભ. અરવિંદભાઈ હરજી ભુડીયા, કેરા ● પ.ભ. રવિન્દ્રભાઈ મુળજી વેકરીયા, નારણપર ● પ.ભ. લાલજીભાઈ માવજી હીરાણી, સુરજપર ● પ.ભ. ગોવિંદભાઈ લાલજી હીરાણી, સુરજપર ● પ.ભ. ક્રિશવભાઈ જયેશ રત્ના હીરાણી, માધાપર ● પ.ભ. દિવ્યભાઈ હરનીશ પટેલ, મેઘપર ● પ.ભ. ગોપાલભાઈ પરબત ભુડીયા, ભક્તિનગર ● પ.ભ. જાદવાભાઈ પરબત ભુડીયા, ભક્તિનગર ● પ.ભ. સ્મિતાબેન અશોક હીરાણી હ. દેવશી કરસન હીરાણી, માનકુવા હાલે ઓસ્ટ્રેલીયા ● પ.ભ. કંચનબેન ધર્મેશ વેકરીયા હ. દેવશી કરસન હીરાણી, માધાપર હાલે નૈરોબી ● પ.ભ. હેમંતભાઈ વિશ્રામ વેકરીયા હ. દેવશી કરસન હીરાણી, માધાપર હાલે નૈરોબી ● પ.ભ. નારણભાઈ શીવજી ભુવા પરિવાર, મદનપુર ● પ.ભ. ગોવિંદભાઈ ગોરસીયા, મદનપુર ● પ.ભ. કાંતિભાઈ હીરજી વેકરીયા, સુખપર ● પ.ભ. અ.નિ. પ્રેમજી નારણ વાઘજીયાણી હ. પ્રેમબાઈ, સુખપર ● પ.ભ. માનબાઈ કેશરા જેસાણી, મદનપુર ● પ.ભ. ગં.સ્વ. લક્ષ્મીબેન રામજી ભુડીયા, હ. સાં.યો. નાનબાઈ, માનકુવા ● પ.ભ. લક્ષ્મીબેન કાનજી હરજી, સામત્રા ● પ.ભ. વિજેશભાઈ રવજી કેરાઈ ધ.પ. નિતાબેન, નારણપર ની.વા. ● શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે, નારણપર ની.વા. ● શ્રી ઘનશ્યામ મહારાજની પ્રસન્નતાર્થે, નારણપર ની.વા. ● પ.ભ. ગોવિંદભાઈ દેવરાજ ભુડીયા ધ.પ. પ્રેમીલાબેન ગોવિંદ ભુડીયા, દહીંસરા ● પ.ભ. રમીલાબેન લાલજી ગોપાલ દબાસીયા, ભક્તિનગર ● પ.ભ. અ.નિ. માવજીભાઈ રત્ના વેકરીયા ધ.પ. અમૃતબેન હ. શામબાઈ ફઈ, સુરજપર ● પ.ભ. નવીનભાઈ શીવજી વિશ્રામ હીરાણી ધ.પ. દીપ્તિબેન પુત્ર યશ તથા જયસુખ, સુરજપર ● પ.ભ. દિનેશભાઈ વાલજી કેરાઈ પુત્ર મુકુંદ જન્મદિવસ નિમિત્તે, મેલબોર્ન ● પ.ભ. વેલજીભાઈ લાલજી કેરાઈ, રામપર ● પ.ભ. રોશનીબેન રમેશભાઈ વેલાણી, મદનપુર હાલે નૈરોબી ● પ.ભ. વાલબાઈ નારણ કરસન જેસા હીરાણી, માનકુવા ● શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે એક હરિભક્ત તરફથી, માંડવી ● શ્રી ઘનશ્યામ મહારાજની પ્રસન્નતાર્થે એક હરિભક્ત તરફથી, માંડવી ● પ.ભ. પ્રવિણભાઈ દેવશી વરસાણી ધ.પ. રસીલા, કોડકી ● પ.ભ. અ.નિ. દેવશીભાઈ રવજી દબાસીયા હ. ધ.પ. ધનુબેન, માધાપર ● પ.ભ. રેવતીબેન મલ્હાર પિંડોરીયા, માંડવી ● પ.ભ. કલ્યાણભાઈ શામજી રાઘવાણી, બળદીયા ● પ.ભ. નિરેનભાઈ મનોજ રાઘવાણી, બળદીયા ● પ.ભ. અરવિંદભાઈ નારદાણી સહપરિવાર, કેરા હાલે લંડન ● પ.ભ. તેજબાઈ રામજી વેલજી વેકરીયા, વાડાસર ● પ.ભ. મહેશભાઈ મુળજી ગોરસીયા હ. કાન્તાબેન મુળજી ગોરસીયા, માનકુવા ● પ.ભ. ક્રિશીબેન કાન્તિ વરસાણી હ. સાં.યો. વાલબાઈ, નારણપર ની.વા. ● સ.ગુ. સ્વામી ધર્મપ્રસાદદાસજીની પ્રેરણાથી હ. રતનબાઈ પરબત ધનજી કેરાઈ, નારણપર ની.વા. ● પ.ભ. ધનજીભાઈ કેશરા કલ્યાણ પિંડોરીયા પરિવાર, દહીંસરા હાલે લંડન ● પ.ભ. કેશરબાઈ દેવજી ભુડીયા, માધાપર ● પ.ભ. નિમેશભાઈ અને કિરણ પાંચાણી, કેરા ● પ.ભ. અ.નિ. કુરજીભાઈ ભીમજી જેસાણી, દહીંસરા ● પ.ભ. શાન્તાબેન રવજી કેરાઈ, રામપર ● પ.ભ. શામબાઈ માવજી હીરાણી, મદનપુર ● પ.ભ. અયાનભાઈ નવીન ભુડીયા, માનકુવા ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી રમીલાબેન લાલજી કેરાઈ, સુખપર ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી કેશરબેન કરસન હીરાણી, સુખપર ● પ.ભ. વેલજીભાઈ રામજી હીરાણી ધ.પ. કાનબાઈ વેલજી સહપરિવાર, સુખપર ● પ.ભ. મનસુખભાઈ કેશરા મેપાણી, ધ.પ. અમૃતબેન, સુખપર ● પ.ભ. ધનબાઈ કરસન વાલજી વરસાણી, ભારાસર ● પ.ભ. ધનલક્ષ્મીબેન હ. રાજેશ કિશોર હાલાઈ, નારણપર ● સાં.યો. શાન્તાબાઈ તથા સાં.યો. લક્ષ્મીબાઈ મેઘજી ભુડીયા, હ. સાં.યો. નાનબાઈ ભુડીયા, માનકુવા જુ.વા. ● પ.ભ. શક્તિકુમાર સુરેશભાઈ વાલજી દબાસીયા હ. સાં.યો. શાન્તાબાઈ ભુડીયા, માનકુવા જુ.વા. ● પ.ભ. ધનજીભાઈ માવજી હરજી હીરાણી હ. સાં.યો. વાલબાઈ, નારણપર ની.વા. ● પ.ભ. પરેશભાઈ જાદવા કેરાઈ, કોડકી ● પ.ભ. હીરજીભાઈ મુળજી મેપાણી, બળદીયા ● પ.ભ. કેવિનભાઈ અશ્વિન શીયાણી, મીરજાપર ● પ.ભ. જશુબેન મુળજી હાલાઈ, ગોધરા માંડવી ● પ.ભ. રમેશભાઈ લાલજી રૂપાલીયા પુત્ર મોક્ષના જન્મદિવસ નિમિત્તે, સુખપર ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી દિપકભાઈ વિનોદ કેરાઈ, મીરજાપર ● પ.ભ.

વિપુલભાઈ હીરાણી, સુખપર ● પ.ભ. મહેશભાઈ વાલજી કારા, નાગલપર ● પ.ભ. નંદરામભાઈ કલ્યાણ કેરાઈ, બળદીયા હાલે નૈરોબી ● પ.ભ. કુલશીકભાઈ કાન્તિ તથા દેવેન કાન્તિ નારણ કેરાઈ, બળદીયા હાલે નૈરોબી ● સાં.યો. સવિતાબાઈ ધનજી ભુડીયા, મદનપુર ● પ.ભ. રામબાઈ વિશ્રામ વાલાણી, બળદીયા હાલે નૈરોબી ● પ.ભ. જાદવજીભાઈ માવજી વેકરીયા, દહીંસરા ● સ્વામી ભક્તિપ્રસાદદાસજીની પ્રેરણાથી અ.નિ. રતનબાઈ લાલજી વેકરીયાની પુણ્યસ્મૃતિમાં હ. રમેશ લાલજી, કુંદનપર ● સ્વામી ભક્તિપ્રસાદદાસજીની પ્રેરણાથી પ્રકાશભાઈ ગોપાલ વેકરીયા, કુંદનપર ● પ.ભ. અ.નિ. કલ્યાણભાઈ નારણ રાઘવાણી તથા રાધાબાઈ કલ્યાણ, બળદીયા ● પ.ભ. મનજીભાઈ કલ્યાણ રાઘવાણી તથા અમરબાઈ મનજી, બળદીયા ● પ.ભ. લાલજીભાઈ મનજી રાઘવાણી તથા નીતાબેન લાલજી, બળદીયા ● પ.ભ. પીનલબેન લાલજી તથા મયૂરભાઈ લાલજી રાઘવાણી, બળદીયા ● પ.ભ. કેશરાભાઈ કરસન વાલાણી તથા શાન્તાબેન કેશરા, બળદીયા ● પ.ભ. ધનસુખભાઈ જગદિશ શીયાણી, કોડકી ● પ.ભ. અ.નિ. કાળુભાઈ ભગવાનભાઈ હ. પુત્રવધુ ગીતાબેન પ્રવિણભાઈ, ભુજ ● પ.ભ. પુરુષોત્તમભાઈ પ્રેમજી વેકરીયા, નારણપર હાલે ઓસ્ટ્રેલીયા ● સાં.યો. નાનબાઈ પ્રેમજી હીરાણી હ. સાં.યો. નીતાબેન, સુખપર ● પ.ભ. હિતેશભાઈ દેવજી મેઘાણી તથા કાન્તા હિતેશ મેઘાણી, માધાપર ● પ.ભ. શાન્તાબાઈ પ્રેમજી ભુડીયા હ. સાં.યો. હીરાબાઈ કરસન વેલાણી, મદનપુર ● પ.ભ. નરેન્દ્રકુમાર મેઘજી પોકાર, દોલતપર ● પ.ભ. રમેશભાઈ પ્રેમજી વરસાણી, મદનપુર ● પ.ભ. લાલજીભાઈ વાલજી હીરાણી, માધાપર ● પ.ભ. હરજીભાઈ કેશરા ભુવા, સુખપર ● પ.ભ. નવીનભાઈ નારણ હીરાણી, સુખપર ● પ.ભ. તૃપ્તિબેન કિરણભાઈ ગોર, ભુજ ● પ.ભ. રિધ્ધિ ઈમ્પેક્ષ હ. ઘનશ્યામ રમેશ તથા દિપક શામજી, ગાંધીધામ ● મહંત સાં.યો. સામબાઈ ફઈની પ્રેરણાથી રસીલાબેન કાંતિલાલ વેકરીયા, બળદીયા ● પ.ભ. ભરતભાઈ હરિલાલ ઠક્કર, ભુજ ● પ.ભ. વેલબાઈ ખીમજી હીરાણી, હ. સાં.યો. નીતાબાઈ, ભારાસર ● પ.ભ. કિશનભાઈ કાન્તિ પિંડોરીયા હ. સાં.યો. નીતાબાઈ, માધાપર ● પ.ભ. અશ્વિનભાઈ મુળજી ગોરસીયા, રામપર ● પ.ભ. વિશ્રામભાઈ પ્રેમજી હીરાણી હ. સાં.યો. રામબાઈ(ભુજ), ભક્તિનગર ● પ.ભ. કંકુબાઈ વિશ્રામ હીરાણી હ. સાં.યો. રામબાઈ(ભુજ), ભક્તિનગર ● પ.ભ. ધવનભાઈ મનજી ચૌહાણ, ભુજ ● પ.ભ. લાલજીભાઈ હરજી કાનજી ભુડીયા હ. સાં.યો. રામબાઈ(ભુજ), ફોટડી હાલે નૈરોબી ● પ.ભ. દિલનભાઈ ધનસુખ ગોરસીયા, સુખપર ● મહંત સાં.યો. સામબાઈ ફઈની પ્રેરણાથી મયંક પ્રકાશ માવજી કારા, માંડવી ● પ.ભ. મિલિનભાઈ જયેશભાઈ સોમૈયા, ભુજ ● પ.ભ. મૈત્રીબેન પ્રશાંત ભટ્ટ હ. પ્રશાંતભાઈ ભટ્ટ, ભુજ ● પ.ભ. ઉષાબેન જાની હ. પ્રશાંતભાઈ ભટ્ટ, અમદાવાદ ● પ.ભ. નારણભાઈ કાનજી વરસાણી, સુખપર ● પ.ભ. નિલેશભાઈ ધીરજલાલ પટેલ, ભુજ ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી કરસનભાઈ પ્રેમજી ભુડીયા, ફોટડી ● પ.ભ. ભાવિનભાઈ કાનજી સેંઘાણી, નારણપર ● પ.ભ. વિનોદભાઈ કરસન ભુડીયા, ફોટડી

---

**શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ**

● પ.ભ. અ.નિ. માવજીભાઈ હરજી ભંડેરી હસ્તે કાનબાઈ વિશ્રામ વાઘજીયાણી, નારણપર ● પ.ભ. માનબાઈ મુળજી રાજાણી, કલોલ ગુજરાત ● પ.ભ. અમરબાઈ કરસન શિયાણી, માધાપર ● પ.ભ. કાનબાઈ દેવજી રામજી મેઘાણી, બળદીયા ● પ.ભ. અ.નિ. ધનજીભાઈ રામજી રાબડીયા હ. ગં.સ્વ. ધ.પ. રાધાબાઈ ધનજી સુત ધીરજલાલ તથા કાંતિલાલ, વાડાસર હાલે નૈરોબી ● પ.ભ. અ.નિ. વિશ્રામભાઈ લાલજી રાબડીયા ધ.પ. ગં.સ્વ. વાલબાઈ હ. પ્રેમજીભાઈ, સરલી ● પ.ભ. લખીબાઈ અરજણ ગોરસીયા, સુખપર ● પ.ભ. ઘનશ્યામભાઈ માવજી ટપરીઆ ધ.પ. મંજુબાઈ, કેરા ● પ.ભ. પ્રેમબાઈ ધનજી આસાણી (વેકરા) હ. સાં.યો. નાનબાઈ, કેરા ● પ.ભ. પ્રવિણાબેન રમેશભાઈ, હ. નાનબાઈ કરસન પિંડોરીયા, માધાપર ● પ.ભ. વિશ્રામભાઈ પ્રેમજી હીરાણી હ. સાં.યો. રામબાઈ, ભક્તિનગર ● પ.ભ. લખીબાઈ કાનજી ધનજી વેકરીયા હ. સાં.યો. વાલબાઈ, નારણપર ની.વા. ● પ.ભ. લખીબાઈ મનજી શીવજી ગોરસીયા પુત્ર અરવિંદ તથા લાલજી ● પ.ભ. વિશ્રામભાઈ પરબત ભુવા, સુખપર

# અંજાર શ્રીઘનશ્યામ મહારાજનો પાટોત્સવ તથા નૂતન મંદિરે કુંભીરોપણ સમારોહ




આજથી ૫૩ વર્ષ પહેલાં ગામ કુંભારીયાના મિસ્ત્રી અ.નિ. મનજીભાઈ ગોવામલ તથા જીવણભાઈ વસ્તા આદિ પરિવારના ભક્તોએ શ્રીઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરાવેલી છે. આ વર્ષે ચૈત્ર સુદ ૫ તા. ૧૧-૪-૧૬ના પાટોત્સવના યજમાન અ.નિ. મનજીભાઈ ગોવામલના પૌત્ર સૂર્યકાન્તભાઈ પોપટલાલ સુપુત્ર અમરીષભાઈ આદિ પરિવારે કરાવ્યો હતો. આ નિમિત્તે ત્રણ દિવસની પુરુષોત્તમ પ્રકાશની પારાયણ થઈ હતી. વક્તા પુ. સ્વામી ધર્મવિહારીદાસજી તથા સ્વામી દેવવિહારીદાસજી રહ્યા હતા. નૂતન મંદિરના પ્રાંગણમાં પારાયણ થઈ હતી. શ્રીઘનશ્યામ મહારાજનો પંચામૃતથી અભિષેક પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સ.ગુ. મહંત સ્વામી નિરન્નમુક્તદાસજી તથા સ્વામી સ્વયંપ્રકાશદાસજીના મંડળના સંતોના હસ્તે કરવામાં આવ્યો હતો. હજારો ભક્તોએ દિવ્ય દર્શનનો લ્હાલો લીધો હતો. ત્યારપછી અન્નકૂટોત્સવ કરવામાં આવ્યો હતો.

આ પાટોત્સવ અંતર્ગત નૂતન મંદિરમાં કુંભી સ્થાપન આચાર્ય મહારાજશ્રી તથા ભુજના મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રીઘનશ્યામ મહારાજના મંદિરની કુંભીનાં યજમાન સાં.યો. મહંત ત્રિવેણીબેન ગુરુ શાન્તાબા તથા કનૈયાલાલ મોહનલાલ કોડરાણી તથા દિલીપભાઈ બાબુલાલ પલાણ તથા કલાવતીબેન ન્યાલચંદ ઠક્કર રહ્યા હતા.

શ્રીરાધાકૃષ્ણદેવની કુંભીના યજમાન ત્રિવેણીબેનની પ્રેરણાથી આદિપુરના પટેલ વશરામભાઈના પુત્ર હરેશભાઈ આદિ પરિવાર રહ્યા હતા. સુખશય્યાના યજમાન નારણભાઈ કરમશી રૂપારેલ સુપુત્ર ધરમશીભાઈ પરિવાર રહ્યા હતા. ગણપતિના યજમાન આદિપુરનાં માલતીબેન દિલીપભાઈ પરિવાર રહ્યા હતા. હનુમાનજી મંદિરના યજમાન આદિપુરના ટાંક મનોજભાઈ દયારામ પરિવાર રહ્યા હતા.

આ મહોત્સવમાં સભાસંચાલક પુ.સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા સ્વામી ધર્મચરણદાસજીએ સંભાળ્યું હતું. તેમજ રસોડાની જવાબદારી પણ સંભાળી હતી. સાથે કોઠારી સ્વામી હરિમુકુંદદાસજી, સ્વામી પુરુષોત્તમચરણદાસજી તથા અંજારના યુવક મંડળ, યુવતી મંડળ, મહિલા મંડળ, બાલ-બાલિકા મંડળ. વાડી વિસ્તાર, શહેરના અને બેન્સાવાળા સહુ ભક્તજનોએ સારી સેવા કરીને શ્રીઘનશ્યામ મહારાજને રાજી કર્યા હતા. ભુજ, માંડવીથી સંતો તથા આખા કચ્છદેશના સાં.યો. બાઈઓ તથા હરિભક્તોએ પધારીને દર્શન, કથા-વાર્તાનો લાભ લીધો હતો.

**કથા પારાયણ :**

અંજારમાં શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં નારણપરના સાં.યો. સામબાઈ રામજી કેરાઈ તરફથી વનવિચરણની પારાયણ પાંચ દિવસની કરવામાં આવી હતી. વક્તાપદે સ્વામી ધર્મવિહારીદાસજી રહ્યા હતા. સંહિતાપાઠ સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી તથા ઘનશ્યામ ભગતે કર્યા હતા. આ પારાયણમાં સાં.યો. બાઈને જે મોસાળું આપવામાં આવ્યું હતું તે ગાયની સેવામાં અર્પણ કરાયું હતું. તેમજ તેઓએ ૫૦ હજાર રૂા. તથા તેમના ભાઈ વાલજીભાઈ પણ ૨૫ રૂા. આપ્યા હતા.

ગૌદાન નિમિત્તે આવેલ સેવામાંથી અંજાર વિસ્તારના ગામડાંઓમાં મંદિર હસ્તે લીલોઘાસચારો ગાયોને આપવામાં આવે છે. તેમજ ગામ સામત્રાના પ્રેમજીભાઈ ડાયાલાલ ગામી તરફથી પણ ગાયોને ઘાસચારો આપવામાં આવ્યો છે. આવી ઉત્તમ સેવા કરવાથી શ્રીજી મહારાજ ખૂબ જ પ્રસન્ન થાય છે.

- પુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, અંજાર

## ત્રિદિવસીય પારાયણ, હિરાપર

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા તથા વડીલ સંતોના આશિષથી ગામ હિરાપર મધ્યે ત્રિદિવસીય ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ઉજવાયો.



પારાયણનું આયોજન, ગામ માધાપરના હીરજી માવજી ભુડીયા, જાદવજી માવજી ભુડીયા પરિવાર રહ્યા હતા. તા. ૧-૪-૧૬ થી તા. ૩-૪-૧૬ સુધી આયોજન કરાયું. જેમાં વડીલ સંતોમાં સ્વામી મુકુન્દજીવનદાસજી, સ્વામી હરિબળદાસજી, સ્વામી બાલકૃષ્ણદાસજી તેમજ અન્ય સંતોની ઉપસ્થિતિમાં પારાયણ યોજાઈ હતી. પારાયણના વક્તાપદે સ્વામી વિવેકમુનિદાસજી, શા. સ્વામી અક્ષરમુનિદાસજી, શા. સ્વામી શુકમુનિદાસજીએ સંગીતના સથવારે કથાનું રસપાન કરાવ્યું હતું.

જેમાં સમસ્ત ગ્રામજનો, હરિભક્તો, આજુબાજુ વિસ્તારના મહેમાનો તથા સાં.યો. બહેનો, ભુજ, અંજાર, દુધઈ, રાપર વિગેરે ગામોથી મોટી સંખ્યામાં તપસ્વીની બહેનો પધાર્યા હતા. પારાયણના પ્રસંગે નંદમહોત્સવ ઉજવણી કરાઈ સાથે રાત્રે કાર્યક્રમોમાં મહિલામંચ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો થયા. જેમાં હિરાપર,ચંદ્રનગર ગામની બાલિકાઓએ ભાગ લીધો હતો. સાથે રાપર ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમો યોજાયો. તેમજ મનસુખભાઈ સુવાગીયાએ ગાય આધારિત પ્રવચનો આપ્યા હતા.

પારાયણ કથાની વ્યવસ્થા કચ્છ શ્રીનરનારાયદેવ યુવક મંડળના યુવાનોએ સંભાળી હતી. પારાયણના યજમાન પરિવાર વતી હિરાપર ગામના સમસ્ત નિયાણીયુંને આમંત્રિત કરીને ભેટ, સોગાદ અર્પણ કરી હતી. પ્રસંગ અનુરૂપ વડીલ સંતોના આશીર્વાદરૂપે શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી બાલકૃષ્ણદાસજીએ સૌને બિરદાવ્યા હતા.

યજમાન પરિવારનો પ્રેમને ગામ પ્રત્યે ઉદારતા જોઈ ગ્રામજનો દ્વારા સન્માનિત કરી ભેટ અર્પણ કરી આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ સંચાલન શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું. તેમજ આભારની લાગણી રણછોડભાઈ માતાએ વ્યક્ત કરી હતી.

- કાનજીભાઈ સુથાર, હિરાપર

## આધોઈમાં ત્રિદિવસીય પારાયણ

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનું દિક્ષાસ્થાન, સંપ્રદાયનનો પ્રથમ ગ્રંથ યમદંડનું અવતરણ સ્થાન એવા આધોઈ ગામને શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના પરંભક્ત કરણીબાના ભાવથી વારંવાર પધારી પાવન કરેલું છે. અહિં ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞા આશીર્વાદથી ચૈત્ર સુદ ૮,૯,૧૦, એપ્રિલ મહિનાની તા. ૧૪ થી ૧૬ સુધી ત્રિદિવસીય, સદ્‌ગુરુ નિષ્કુળાનંદમુનિ વિરચીત સ્નેહગીતા શાસ્ત્રનો સંગીતના સથવારે જ્ઞાનયજ્ઞ મહોત્સવ ઉજવાયો હતો. આ મહોત્સવના યજમાન ગામ માધાપરના હાલે લંડન નિવાસી પ.ભ. હિરજીભાઈ માવજી ભુડીયા તથા ભાઈશ્રી પ.ભ.જાદવજીભાઈ માવજી ભુડીયા પરિવાર રહ્યા હતા. વક્તા ભુજ મંદિરના વિદ્વાન સંતોમાં પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી શુકમુનિદાસજી, સ્વામી વિવેકમુનિદાસજી તથા સ્વામી રાઘવમુનિદાસજી રહ્યા હતા.આ પ્રસંગે મંડળના સંતોમાં મંડલેશ્વર સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી, શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સંગીતકાર સ્વામી

સુવ્રતમુનિદાસજી, શાસ્ત્રી અક્ષરમુનિદાસજી વિગેરે અનેક સંતો હાજર રહ્યા હતા. ઉત્સવ દરમ્યાન વડીલ સંતોએ અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા. તથા છેલ્લે દિવસે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી વિગેરે સંતો પધારી યજમાનો તથા ગામજનોને દર્શન આશીર્વાદનો લાભ આપેલ હતો.

વાગડ વિસ્તારનાં સાંખ્યયોગી બહેનો આ જ્ઞાનયજ્ઞમાં પધાર્યા હતા. આ ઉત્સવ દરમ્યાન રામનવમી ઉત્સવના દિવસે સભાપ્રસંગમા બપોરે ૧૨ વાગે રામ જન્મોત્સવ ઉજવાયો તથા રાત્રે ૧૦ વાગે રાપર ગુરુકુલના બાળકોના મનમોહક કાર્યક્રમ સાથે શ્રી ઘનશ્યામ પ્રગટ્યોત્સવ ઉજવાયો હતો. સત્સંગની અભિવૃધ્ધી માટે સાંખ્યયોગી બહેનોએ મહિલા સત્સંગસભા તથા બાલીકા મંચનું અદ્‌ભુત આયોજન કરેલ હતું. આ ઉત્સવને સફળ કરવા માટે સાંખ્યયોગી બહેનોએ ખૂબ મહેનત કરી હતી. આ ઉત્સવ દરમ્યાન યજમાન પરિવાર તરફથી ગામના દરેક ભક્તોને ભોજન પ્રસાદ પીરસ્વામાં આવતો હતો. પ્રસાદ બનાવાની સેવા માટે ગામ માધાપર મંદિરના રસોડા વારા હરિભક્તોની ટીમે અતિ ખંતથી સેવા કરી સૌને ખુશ કર્યા હતા. છેલ્લા દિવસે મંદિરની કમિટી તથા ગામજનોએ યજમાન પરિવારને કાયમી સ્મૃતીપ્રતીક અર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી આભાર માન્યો હતો.

- સામજીભાઈ હરીભાઈ, આધોઈ

## શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભગન, નડિયાદ



ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન મુકામે તા. ૧૫-૪-૧૬ના રોજ શ્રીરામ તથા શ્રીહરિ જયંતી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ભગવાનના સ્વરૂપોને ફૂલોના શણગાર ધરાવવામાં આવ્યા હતા. બપોરે ૧૨ વાગ્યે ભગવાન શ્રીરામના પ્રાગટ્યની આરતી કરવામાં ઉતારવામાં આવી હતી અને રાત્રે ૧૦ વાગ્યે શ્રીઘનશ્યામ જન્મોત્સવની આરતી ઉતારી રાસોત્સવ કરવામાં આવ્યો હતો. આ ઉત્સવ પ્રસંગે ભુજ મંદિરના શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા પુરાણી સ્વામી રામપ્રિયદાસજી તથા પાર્ષદ દીપક ભગત હાજર રહી ઉત્સવ શોભાવ્યો હતો. ફૂલના શણગારનું યજમાનપદ પ.ભ. લાલજીભાઈ તથા સુરેશભાઈ મનજી ચવાણ પરિવારે લીધું હતું અને જન્મોત્સવનું યજમાનપદ પ.ભ. ખીમજીભાઈ માવજી ચવાણ પરિવારે લીધું હતું.

પંચામૃત તથા પંચાજીરીનો પ્રસાદ લઈ સૌ છૂટા પડ્યા હતા. આ ઉત્સવમાં કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળના ભક્તોએ ખૂબ જ હર્ષથી ભાગ લીધો હતો.

- શૈલેશભાઈ અમૃતભાઈ પોકાર

## શ્રી રામનવમી, સુખપર

શ્રીહરિ જયંતીના શુભ પર્વે સુખપર મધ્યે તા. ૧૫-૪-૧૬ના રોજ સવારે ૬:૩૦ કલાકે ભવ્ય પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં હરિભક્તો વાજિંત્ર સાથે ધૂન, કીર્તનનું સ્મરણ કરતાં ગામમાં ફરીને મંદિરે પધાર્યા હતા.

બપોરે ૧૨ કલાકે શ્રી રામજન્મોત્સવની આરતી ઉતારવામાં આવી હતી. રાત્રે ૯ થી ૧૦ સામૈયો રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે બહોળી સંખ્યામાં હરિભક્તો પધારીને આ મહોત્સવનો લાભ લીધો હતો. સાંજે ૧૦ વાગ્યે શ્રીઘનશ્યામ મહારાજના પ્રાગટ્યની આરતી કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળનો સાથ સહકાર મળ્યો હતો. ત્યારબાદ પારણીયે ઝુલતા શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરી પંચામૃત તથા પંચાજીરીનો પ્રસાદ લઈ સૌ હરિભક્તો છૂટા પડ્યા હતા.

- કિશોર આર. પિંડોરીયા, સુખપર

# સત્સંગ સમાચાર–વિદેશ

## યુ.કે. શિબિર ૨૦૧૬



ભરતખંડના અધિપતિ શ્રી નરનારાયણદેવને પેઢીઓની પેઢીથી સમર્પિત એવા ઉદ્ધવ સંપ્રદાયને આશ્રિત મુળ કચ્છ પ્રદેશના સત્સંગી પરિવારનો બહુ મોટો વર્ગ વ્યવસાય અર્થે માતૃભૂમિથી કોષો દુર વિદેશની ભૂમિ પર વસવાટ કરે છે. એ પૈકી યુ.કે.માં વસતા પોતાના વાહલસોયા સંતાનની આધ્યાત્મિક ધરોહરને સમૃદ્ધ કરવા શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ દ્વારા કુલ આઠ મંદિરની સ્થાપના યુ.કે.ના વિવિધ પ્રદેશોમાં કરવામાં આવેલ છે. આ આઠેય મંદિરમાં વડીલ હરિભક્તોના કુશળ સંચાલન હેઠળ ભુજ મંદિરની પરંપરા મુજબ રૂડો અને પ્રેરક સત્સંગ થાય છે. આ સત્સંગના સંસ્કાર યુવા પેઢીમાં પણ આવે અને સમૃદ્ધ બને એવી સદ્‌ભાવનાને હૃદયમાં ધારી કચ્છ સત્સંગના ગુરુવર્ય પ.પૂ.સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સંચાલક સંતોને યુ.કે.ના આઠેય મંદિરને એક સુત્રમાં જોડી શિબિરના માધ્યમથી સુસંસ્કૃત કરવાની આજ્ઞા કરી. પૂ. મહંત સ્વામીના સપનાને સાકાર કરવા યુવક મંડળના સર્વે સંતો અને યુ.કે.ના આઠેય મંદિરના યુવક/યુવતીઓ એ સહર્ષ કમર કસી અને તા.૨૫/૦૩/૨૦૧૬ થી ૨૮/૦૩/૨૦૧૬ આમ ચતુર્થ દિવસીય "શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ, યુ.કે. શિબિર - ૨૦૧૬"ના નામથી વિદેશની ભૂમિમાં સફળતાયુક્ત નિવાસી સત્સંગ શિબિરનું પહેલ વહેલું કદમ મુકાયું.

પુરાતન પણ અતિ સુંદર અને પ્રાકૃતિક સૌંદર્યની મધ્યે સ્થિત શોપ શ્રાય નામક સ્થાનને શિબિર માટે પસંદ કરવામાં આવ્યું. તા. ૨૫ માર્ચ ૨૦૧૬ના પ્રાતઃકાળે હર્ષોલ્લાસથી પ્રતિભાગી યુવકો અને યુવતીઓનું આગમન થયું. પંજીકરણ અને ઉતારા બાદ શિબિરને દિવ્યતા બક્ષવા પધારેલા પ.પૂ.સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સદ્‌.કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌. પુ. સ્વામી ભગવતજીવનદાસજી, સદ્‌. પુ. સ્વામી મહાપુરુષદાસજી, સદ્‌. પુ. સ્વામી કેશવજીવનદાસજી આદિ સંતોને સુનિશ્ચિત ગણવેશમાં સુસજ્જ કુલ - ૧૬૦ યુવક/યુવતીઓ દ્વારા શિબિર સ્થળે વાજતે ગાજતે આવકારવામાં આવ્યા હતા. પૂ.વડીલ સંતો સહિત કુલ - ૨૧ જેટલા સંતોની પૂર્ણકાળ દિવ્ય ઉપસ્થિતિએ સર્વે શિબિરાર્થીઓને હરિરસનું પાન કરાવી લાભાન્વિત કર્યા હતા.

નિયત દિનચર્યામાં ચારેય દિવસ પ્રાતઃપૂજા, આરતી, કથાવાર્તા, વિદ્વાન સંતો દ્વારા સંપસુહૃતભાવ - ઈર્ષ્યા - શ્રી સીતાજી અને આપણું લક્ષ્ય જેવા કુલ -૪ આવશ્યક વિષયો પર પ્રેજન્ટેશન, વિવિધ વિષયો પર જુથ ચર્ચા, ચર્ચિત વિષયો પર માર્ગદર્શનાત્મક મૂક્તચિંતન, વૈચારીક રમતો, વિવિધ સ્પર્ધાઓ, ક્વીઝ, યોગાસન આદિ પ્રવૃત્તિઓ, જીવનોદ્ધારક કુલ - ૧૨ સંત પ્રવચનો, રાસોત્સવ અને સત્સંગ પોષક સંત સમાગમ જેવા પ્રેરણાદાયી સત્સંગ સંવર્ધક કાર્યક્રમો



થયા. જે બદલ અલ્પાહાર, ભોજન, વિશ્રાંતિ કે હળવાશની પળોમાં શિબિરમાં ચાલતા કાર્યક્રમોની એકમેકની સાથે વાતો વાગોળતા યુવક/યુવતીઓના ચહેરાની આનંદિત મુદ્રામાં શિબિર પ્રત્યે ધન્યવાદનો ભાવ પ્રગટ થતો રહ્યો. આ સાથે બાળકો માટે પણ કુલ - ૬ પ્રેજન્ટેશન અને કૌશલ્યવર્ધક વિવિધ પ્રવૃત્તિઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કુલ - ૧૬૦ જેટલા મુલાકાતી ભક્તજનોએ નવી પેઢીનું સંતોના સાનિધ્યમાં ઘડતર થતાં જોઈ સર્વે સંતો પ્રત્યે સંતોષ અને આભારની લાગણી વ્યક્ત કરી હતી. આવું આયોજન ભવિષ્યમાં થતું રહે એવી દરેક શિબિરાર્થીઓની ભાવના હતી.

યુ.કે. સ્થિત આઠેય મંદિરના યુવાવર્ગે આ શિબિરના આયોજન અને સફળતા માટે પોત પોતાને મળેલ જે તે વિભાગની સેવા નિષ્ઠાપૂર્વક પુર્ણ કરી હતી. પુરાણી સ્વામી પરમહંસદાસજી, પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી, શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી અને શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજીએ પૂ. વડીલ સંતોના આશીર્વાદ અને નાના - મોટા સંતોના સહયોગ સહ શિબિરનું સમગ્ર આયોજન કર્યું હતું.

- કપિલ રાબડીયા

## શ્રી રામનોમીની ઉજવણી

શ્રીજી મહારાજની કૃપાથી તેમજ સંતોના આશીર્વાદથી આપણા બોલ્ટન મંદિરમાં શ્રીરામનવમીના શ્રી રામજન્મોત્સવ તેમજ શ્રી સ્વામિનારાયણ જન્મોત્સવ ભુજ મંદિરના સંતો સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી સંતજીવનદાસજી તેમજ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોની હાજરીમાં ધામધૂમથી ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવેલ. આ ધાર્મિક પ્રસંગે ઊંચો આંક આપીને ગામ દહીંસરાના વાલબાઈ રમેશ વરસાણી તથા અનિતાબેન પ્રકાશ હાલાઈ, ગામ માંડવીના ચંદ્રિકાબેન વસંત વેકરીયા તથા જ્યોત્સના નીતિન વેકરીઆ, ગામ બળદિયાના સંગીતાબેન હરીશ રાઘવાણી તેમજ કુંદનપરના પ્રભાબેન મુકેશ હાલાઈ એમ છ બહેનોએ સાથે મળીને આરતી ઉતારવાનો લ્હાવો લીધો હતો.

- પ્રમુખશ્રી, મનજીભાઈ ગાંગજી હાલાઈ

## આગામી માસની કથાઓ

- ૨૯-૪-૧૬ : ચિત્રોડ(રાપર), કથા પારાયણ દિવસ સાતની
- ૨-૫-૧૬ : ગોધરા(માંડવી), કથા પારાયણ દિવસ પાંચની
- ૩-૫-૧૬ : ઘડાની (અબડાસા), કથા પારાયણ દિવસ પાંચની
- ૩-૫-૧૬ : સેલારી(વાગડ), કથા પારાયણ દિવસ ત્રણની
- ૫-૫-૧૬ : ભારાસર, કથા પારાયણ દિવસ પાંચની
- ૫-૫-૧૬ : સરદારનગર, કથા પારાયણ દિવસ ત્રણની
- ૬-૫-૧૬ : ભુજ, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ યુવા સંમેલન
- ૭-૫-૧૬ : ભુજ, શ્રીનરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે કથા પારાયણ દિવસ પાંચની
- ૧૨-૫-૧૬ : સુખપર-રોહા, કથા પારાયણ દિવસ પાંચની
- ૧૨-૫-૧૬ : નારણપર ઉ.વા., કથા પારાયણ દિવસ પાંચની
- ૧૪-૫-૧૬ : ભુજ, કથા પારાયણ દિવસ પાંચની
- ૧૬-૫-૧૬ : કોડાય, નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ દિવસ પાંચ
- ૧૮-૫-૧૬ : ભુજ, કથા પારાયણ દિવસ પાંચની
- ૧૯-૫-૧૬ : માનકુવા, કથા પારાયણ દિવસ પાંચની
- ૨૦ થી૨૨-૫-૧૬ : ભુજ, નિવાસી શ્રીઘનશ્યામ દશાબ્દી બાલમંચ
- ૨૨-૫-૧૬ : દહીંસરા, કથા પારાયણ દિવસ ત્રણની
- ૨૩-૫-૧૬ : ભુજ, પ્રસાદી મંદિરે પાટોત્સવ નિમિત્તે કથા પારાયણ દિવસ પાંચની
- ૨૫-૫-૧૬ : સુખપર, કથા પારાયણ દિવસ પાંચની
- ૨૯-૫-૧૬ : રતનપર(ધોળાવીરા), મેડીકલ કેમ્પ

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલી ભેટની યાદી

- ૧૧૦૧/- શાન્તાબેન રામજી દબાસીયા,માનકુવા, નવી ફોરવ્હીલર 'ટોયટો' ગાડી લીધી તે નિમિત્તે ભેટ
- ૫૦૧/- કપિલ હરિશ મેપાણી, સુરજપર કંપાલા, હાલે કંપાલા, ખાતે નવી દુકાન શરૂ કરતાં ભેટ
- ૫૦૦/- જાદવજી લાલજી વરસાણી, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૫૦૦/- અંકિતા કુરજી પિંડોરીયા, કુંદનપર, શ્રીઘનશ્યામ એકેડેમી નારણપર ધો.૮માં પ્રથમ નંબરે પાસ થતાં ભેટ
- ૫૦૦/- નવ્યા કાનજી વરસાણી, ભક્તિનગર, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૫૦૦/- દેવશીભાઈ મુળજી વાગડીયા, કેરા, અ.નિ. પિતાજી મુળજી વેલજી વાગડીયાની, ધ.પ. શાન્તાબેન સમૂહ ભાગવત પોથી નિમિત્તે ભેટ
- ૫૦૦/- લાલજી મુળજી વાગડીયા, કેરા, અ.નિ. માતુશ્રી અમરબાઈ મુળજી વાગડીયાની, ધ.પ. રામબાઈ પરિવાર, સમૂહ ભાગવત પોથી નિમિત્તે ભેટ
- ૫૦૦/- નિલમબેન ડો. અંકિત ગોર હ. આશાબેન, ભુજ, પુત્ર સહજના જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૫૦૦/- દેવજીભાઈ કરસન ખીમાણી ધ.પ. ધનબાઈ પુત્રી લલીતા તથા રમાબેન મુળજી હસ્તે અનિસ મુળજી વરસાણી તથા ચાંદની, દહીંસરા, નવા મકાનના વાસ્તુ નિમિત્તે ભેટ
- ૨૫૨/- નયનાબેન સામજીભાઈ હાલાઈ, માધાપર, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
- ૨૫૧/- દિવ્ય વાલજી ભુડીયા, સુરજપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૨૫૧/- મુક્તિબેન દિનેશભાઈ વરસાણી, કેરા, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૨૫૧/- દિપક માવજી વરસાણી હ. માવજીભાઈ, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૨૫૧/- ભદ્રેશકુમાર જયંતિભાઈ ચૌહાણ, આમારા હાલે ગવાસદ, પુત્ર જન્મ નિમિત્તે ભેટ
- ૨૫૦/- પ્રેમજી કુંવરજી કેરાઈ, નારણપર, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
- ૧૫૧/- શ્રી નરનારાયણદેવ કન્સ્ટ્રક્શનકાં., કોડકી શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
- ૧૫૧/- શિવજી ધનજી પિંડોરીયા(માસ્તર), માધાપરપ, પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીના જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૧૫૧/- જિજ્ઞાબેન શિવજી વેકરીયા હ. વીરજી લાલજી વેકરીયા (દાદા), માંડવી ચાંદલા નિમિત્તે ભેટ
- ૧૫૧/- હેત મનસુખ વેકરીયા હ. વીરજીભાઈ, માંડવી, જન્મદિવસ નિમિત્તે ભેટ
- ૧૫૧/- અરુણાબેન અશ્વિનભાઈ શાહ, ભુજ, લગ્નની વર્ષગાંઠ નિમિત્તે ભેટ
- ૧૫૧/- વિશાલ સુરેશ પિંડોરીયા, નારણપર ઉ.વા., જન્મદિવસ નિમિત્તે ભેટ

શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિરમાં બિરાજતા શ્રીઘનશ્યામ મહારાજનો છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ સંવત ૨૦૭૨ વૈશાખ વદ ૨ થી ૫ તા. ૨૩ થી ૨૭ મે ૨૦૧૬ સુધીમાં ધામધૂમથી ઉજવાશે. આ પ્રસંગે અનેક વિધ કાર્યક્રમોમાં પધારવા સર્વ હરિભક્તોને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ

- કોઠારી સ્વામી, પ્રસાદી મંદિર ભુજ

**:: શ્રી ઘનશ્યામ દશાબ્દી બાલ મંચ ::**

ભુજ મંદિર સંચાલિત શ્રી ઘનશ્યામ બાળ મંડળના બાળકો માટે નિવાસી દશાબ્દી બાલ મંચનું આયોજન આગામી તા. ૨૦ થી ૨૨ મે ૨૦૧૬ એમ ત્રણ દિવસ રાખેલ છે. ૮ થી ૧૫ વરસના બાળકો ફોર્મ ભરી ભાગ લઇ શકશે. ફોર્મ કેન્દ્ર સંચાલક પાસેથી મળશે.

:: સંપર્ક ::

મો. ૯૫૮૬૮૦૫૧૫૩/૯૯૭૯૭૧૪૪૮૮